JAIN KRANTI

# जैन क्रांति

Vol. 16 | Issue 5 | Mumbai | September - 2025| Price Rs. 5/- | Pages : 40



## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
## શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો

### 55th જન્મોત્સવ

# માનવતા મહોત્સવ

**28th**
September 2025

સવારે **09:00** કલાકે



# મહાપ્રભાવક
# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં,
વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં... 1
વિસહર ફુલ્લિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,
તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરાજંતિ ઉવસામં.... 2
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુ ફલો હોઈ,
નર તિરિયેસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં... 3
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં... 4
ઈઅ સંથુઓ મહાયશ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ,
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ... 5

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th September 2025, YEAR: 24, ISSUE - 294
PAGES : 36 + 4 • RETAIL PRICE : ₹ 5

**શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર** એ
**તીર્થંકર પરમાત્મા પાર્શ્વનાથ** પ્રત્યેની
ભક્તિની અભિવ્યક્તિ છે.

જૈન ક્રાંતિના આ અંકમાં
શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના
એક-એક શબ્દના રહસ્યોને
**સદૃષ્ટાંત, વૈજ્ઞાનિક તથ્ય** સાથે સમજાવી
સ્તોત્રનું અદ્‌ભૂત અને અકલ્પનીય
**વિશ્લેષણ** આપવામાં આવ્યું છે.

જે **સમજ** સાથે **સંવેદના** જન્માવે છે,
**અહોભાવ** સાથે **આત્મસ્પર્શી** બને છે
અને **પ્રભુપ્રેમ** સાથે **પ્રેરક તત્ત્વ** બને છે.

સ્તોત્રના વિશ્લેષણ સાથે,
ભક્તિનું **મહત્ત્વ** અને ભક્તિની **મહત્તાને** પણ
સવિશેષ ભાવો સાથે સમજાવી છે,
જે ભાવો વાંચનારના **આત્માને**
**ભાવિત** કરે છે અને **પ્રભુ** સાથે એક
**અતૂટ સેતુનું** સર્જન કરે છે.

**ભક્તિથી** જ્યારે હૃદય અને
આત્મા **ભીંજાય** છે, ત્યારે
**પ્રભુ** વચ્ચેનું અંતર, **અંતર નથી રહેતું,**
પ્રભુ સાથે **ઐક્યતા સર્જાય** જાય છે.

# ભક્તિનો સેતુ



**આવો, આપણે પણ ભીંજાઈએ**
**એ ભક્તિના ભાવોમાં...**
**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના મુખકમલમાંથી**
**પ્રગટેલાં ભક્તિભર્યાં વિશ્લેષણમાં !**

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-9987380222

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181

**TO KNOW MORE ABOUT**
**RASHTRASANT PARAM GURUDEV**
**CONTACT ON: +91-9860905678**




# શું છે આ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર?

**-પરમ ગુરુદેવ**

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જૈનદર્શનના 23માં તીર્થંકર પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ છે. પરમાત્મા પ્રત્યેના પ્રેમ, ભાવ, ભક્તિ અને શ્રદ્ધાની અભિવ્યક્તિ છે. ભવોભવ પરમાત્માનું શરણ મળે એવી આજીજી છે.

પરમાત્મા જ્યારે પ્રિય બને છે, ત્યારે આ સ્તુતિ પ્રેમની અનુભૂતિ બની જાય છે, પ્રિયતાની સંવેદના કરાવે છે, મનને શાંત કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે.

**પરમાત્મા પૂજનીય ક્યારે બને ?**

પરમાત્મા પૂજનીય ત્યારે જ બને, જ્યારે પ્રથમ પ્રિય બને. કેમ કે, પ્રિયતા વિનાની પૂજ્યતા ક્યારેય ન હોય અને કદાચ હોય તો તે ચાસણી વિનાની જલેબી જેવી હોય.

પૂજ્યતાની સાથે પ્રિયતા ભળેલી હોય, તો પરમાત્માની સ્તુતિ સ્મરણીય અને સંવેદનશીલ બની જાય. પરમાત્માની ભક્તિમાં હૃદયના ઉત્કૃષ્ટ ભાવો ભળે, તો શુદ્ધિ સાથે સિદ્ધિની પ્રાપ્તિ થાય.

પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરવી હોય, તો પહેલાં પરમાત્માને પ્રેમ કરવો જોઇએ, પરમાત્માને ગમતાં કરવા જોઇએ.

'જે એકવાર ગમતાં થઇ જાય, એમનું બધું ગમવા લાગે.'

જ્યારે વ્યક્તિ ગમતાંને માટે ગમતું કરે છે ત્યારે તેના ભાવ, તેની શ્રદ્ધા, તેની સમર્પણતા, તેની સ્પંદના અને તેની સંવેદના કંઇક અલગ જ પ્રકારના હોય છે, જે અનન્ય દિવ્યાનુભૂતિનો અહેસાસ કરાવે છે.

'ભક્તિ એ પ્રેમનો પ્રકાર છે અને પ્રેમ એ ભક્તિનો પર્યાય છે.'

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સ્વયંના આત્મા અને પરમાત્મા વચ્ચેનો અનુપમ સેતુ છે.

જે મહાકલ્યાણકારી છે, રત્નચિંતામણિ સમાન છે અને મહાપ્રભાવશાળી છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો વિશિષ્ટ પ્રકારે સમન્વય કરવામાં આવ્યો છે, જેથી આ સ્તોત્રની શ્રદ્ધાપૂર્વક, વિધિવત્ સાધના કરનારને મન, વચન અને કાયાની સ્વસ્થતા પણ રહે અને કર્મોની નિર્જરા સાથે આત્માની શુદ્ધિ પણ થાય.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર અર્ધમાગ્ધી ભાષામાં છે અને પદ્યરૂપમાં છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું સ્મરણ કરવાની પણ એક સવિશિષ્ટ લયબદ્ધ પદ્ધતિ છે.

આ સ્તોત્રમાં 5 ગાથા છે અને દરેક ગાથામાં

4 પદ છે. દરેક પદ અલગ-અલગ લયમાં બોલવાના હોય છે.

કોઇપણ સ્મરણ કે સાધના જ્યારે એની વિધિ પ્રમાણે કરવામાં આવે છે ત્યારે જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કેમ કે, સ્તોત્રના એક-એક શબ્દોમાં એક-એક અક્ષરનું વિશેષ પ્રકારે સંયોજન કરવામાં આવ્યું હોય છે.

આ સ્તોત્ર પરમાત્માને પોકારવાની પ્રાર્થના છે, પરમાત્માના આહ્‌વાનની આજીજી છે, આપણી વ્યથા અને વંદનાને વાચા આપતી વિનંતી છે. માટે આ સ્તોત્રનું સ્મરણ કરતી વખતે આપણી શ્રદ્ધા અને ભાવના એટલી ઉત્કૃષ્ટ હોવી જોઇએ કે જેમ એક બાળકનો ઉંવા.. ઉંવા કરીને રડવાનો અવાજ સાંભળી ‘મા’ ગમે ત્યાં હોય ત્યાંથી દોડીને પહોંચી જાય, જેમ ખીલ્લે બાંધેલાં વાછરડાનો ભાંભરવાનો અવાજ સાંભળી ખેતરમાં ચરતી ગાય ત્યાં પહોંચી જાય, તેમ આપણો નાભિથી નીકળતો બ્રહ્મનાદ સાંભળી સ્વયં પરમાત્માને આપણી પાસે દોડીને આવવાનું મન થઇ જાય !



ભક્ત શા માટે બનવાનું ?

જે આજે ભગવાનને પ્રેમ કરે છે એ ભગવાનના ભક્ત છે અને તે ભવિષ્યમાં ભગવાન બની શકે કે નહીં ?

આજે જે સંતના સંતત્વ ગુણને પ્રેમ કરતાં હોય, તેને સંત જેવા બનવાનું મન થાય કે નહીં ?

જે ભગવાનને પ્રેમ કરે છે, તેનો અર્થ છે કે તેનામાં ક્યાંક ને ક્યાંક સરળતા છે, ક્યાંક ભાવ છે, ક્યાંક ભક્તિ છે અને ક્યાંક ગુણ છે.

જ્યાં ગુણ છે ત્યાં ભવિષ્યમાં ગુણનો ગુણાકાર થાય છે અને વ્યક્તિ ગુણવાન બની જાય છે.

**ભક્તની વ્યાખ્યા શું છે ?**

**જેમનું વર્તમાન ભગવાનના સાંનિધ્યમાં હોય અને જેમનું ભવિષ્ય સ્વયં ભગવાન હોય, તે ભક્ત કહેવાય.**

ભક્ત શા માટે બનવાનું ? ભક્ત બનવાનું કારણ શું ?

મારે મારું ભવિષ્ય એમના જેવું બનાવવું છે.

જેમનું ભવિષ્ય ભગવાન જેવું બની જાય, તેનું નામ ભક્ત !

જેનું ભવિષ્ય ભગવાન બનવાનું હોય, તેને વર્તમાનમાં ભક્ત કહેવાય.

**સંકલ્પ:**

**આજથી મારે ભગવાનના ભક્ત બનવાની શરૂઆત કરવી છે**
**કારણ કે, ભવિષ્યમાં મારે પણ ભગવાન બનવું છે.**

# શું પાર્શ્વપ્રભુ ઉપસર્ગહર્તા છે?

- પરમ ગુરુદેવ



માનવ મનની માનસિકતા હોય છે કે એ જે કાંઇ કરે, એને એનું ફળ, એનું પરિણામ તરત જ મળે એ વધારે ગમે, ધીમે-ધીમે રોગ મટાડનાર આયુર્વેદિક અને homeopathy દવા લેવાવાળા કરતાં ફટાફટ રોગ મટાડનાર allopathic દવા લેવાવાળા વધારે હોય છે. એવી જ રીતે જે 'પ્રગટ પ્રભાવક' હોય, એમના પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને ભાવ રાખવાવાળાની સંખ્યા વધારે હોય છે.

પરમાત્મા પાર્શ્વનાથ 'પ્રગટ પ્રભાવક' કહેવાય છે. પરમાત્મા પાર્શ્વનાથ magnetic વ્યક્તિત્વ ધરાવતાં હતાં, અર્થાત્ જબરદસ્ત ઋણાનુબંધવાળું વ્યક્તિત્વ ધરાવતાં હતાં.

જેમનું પ્રભાવક વ્યક્તિત્વ હોય, એમની aura અને vibrations એવા powerful હોય કે, જેમ magnetની પાસે લોખંડ આકર્ષિત થાય, તેવી રીતે વ્યક્તિ એમના એ vibrationsથી આકર્ષિત થાય.

આકર્ષણનું કારણ હોય છે ઋણાનુબંધ ! ઋણાનુબંધ એક એવો સંબંધ છે જેમાં પ્રભાવકતા ધરાવતી વ્યક્તિ પ્રત્યે અકારણ અને સામે કાંઈ ન મળતું હોય છતાં પ્રેમ અને ભક્તિ હોય. એમને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અર્પણ કરવાના ભાવ હોય. એમના માટે કાંઇ પણ કરવાની અંતરની ભાવના સાથે ઉલ્લાસભાવ હોય. ઋણાનુબંધ સંબંધ માત્ર એક ભવનો ન હોય, ભવોભવનો હોય.

પરમાત્મા પાર્શ્વનાથ પણ magnetic વ્યક્તિત્વ ધરાવતાં આત્મા હતાં અને આ જ કારણે એમના પ્રત્યેના ઋણાનુબંધવાળા પણ અનેક ભાવિકો હતાં, શ્રાવક-શ્રાવિકાઓ અને સાધુ-સાધ્વીજીઓ હતાં.

માનો કે, તમારી lifeમાં કોઇ 'ગુરુ' છે, તમને એમના પ્રત્યે અત્યંત પ્રેમ, આદર, અહોભાવ અને ભક્તિ છે. તમે Dubai કે London ગયા છો. ત્યાં તમને એક અજાણી વ્યક્તિ મળે છે, વાત-વાતમાં એ તમને એમના ગુરુની ઘણીબધી વાતો કરે છે, જે તમારા જ ગુરુની હોય છે, અર્થાત્ તમારા બંનેના ગુરુ એક જ છે. હવે તમારો તે વ્યક્તિ સાથેનો વ્યવહાર કેવો થઇ જાય ? અને એમાં પણ તમને ખબર પડે કે, તે અત્યારે આર્થિક તકલીફમાં છે, તો તમે શું કરો ? તમે તરત જ એને તમારાથી બનતી બધી જ સહાય કરવા તૈયાર થઇ જાવ. કેમ ?

કેમ કે, એ પણ તમારા જ 'ગુરુ'ના ભક્ત છે ! એવી જ રીતે પરમાત્મા પાર્શ્વનાથની ભક્તિ કરનારા દિવ્યતત્ત્વો, પરમાત્મા પાર્શ્વનાથનું સ્મરણ અને ભક્તિ કરનારને સહાય કરવા તત્પર હોય છે.

પાર્શ્વનાથ પરમાત્મા પ્રત્યે ઋણાનુબંધ ધરાવતા એ હજારો દિવ્યતત્ત્વો, આજે પણ જ્યાં એમના પ્રિય એવા પરમાત્મા પાર્શ્વનાથનું નામ સાંભળે એટલે એમના આત્મા અત્યંત અહોભાવ સાથે સ્પંદિત થવા લાગે. પરમાત્મા માટે કાંઈક કરવા ઉલ્લાસભાવે થનગની ઊઠે પણ પરમાત્મા તો સિદ્ધશિલામાં બિરાજમાન છે, પરમાત્મા તો વીતરાગી છે, એમના માટે કાંઈ જ ન કરી શકે વળી દેવગતિમાં

હોવાથી પરમાત્માની ભક્તિ અને પરમાત્માનો ધર્મ પણ ન કરી શકે એટલે એમને થાય જે મારા પરમાત્માની ભક્તિ કરે છે, મારા પરમાત્માનું સ્મરણ કરે છે, જે મારા પરમાત્માને પ્રેમ કરે છે એમના માટે હું કંઈક કરું એટલે તે દિવ્યતત્ત્વો એમને કોઈ પણ પ્રકારે સહાય કરે એમની દેવી શક્તિનો ઉપયોગ કરે અને પ્રગટ પ્રભાવક્તાની અનુભૂતિ કરાવે જેથી વધુને વધુ લોકોને પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિના ભાવ પ્રગટે, તેને શાસનદેવ કહેવાય છે.

જ્યાં પ્રભુ પ્રત્યે પ્રેમ હોય, ત્યાં સતત એક જ ભાવ હોય, શું પ્રભુ ચરણ કને ધરું ? હું મારા પ્રભુ માટે શું કરું ? હું કેવી રીતે એમની ભક્તિ કરું ? હું કેવી રીતે એમને પ્રસન્ન કરું ? હું એમને શું અર્પણ કરું ?

**પ્રેમ હંમેશાં ત્યાગ કરાવે, પ્રેમ હંમેશાં અર્પણતાના ભાવ જગાડે.**

પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે જેમને ભાવ-ભક્તિ અને પ્રેમ હોય એ દરેકે-દરેક દેવ-દેવીઓ પરમાત્માની પ્રભાવકતા વધે એવા કંઇક ને કંઇક ભાવ પ્રદર્શન કરતાં હોય છે.



# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના ઉચ્ચારણની લયબદ્ધ પદ્ધતિ

**- પરમ ગુરુદેવ**



### પ્રથમ પદ :

## ‘ઉવસગ્ગહરં પાસં’

પ્રથમ પદ **‘હંસ ગતિ’**થી બોલવાનું હોય છે.
જેમ હંસ પાંખો ફેલાવીને ઉંચે ઉડે,
તેવી રીતે એક-એક અક્ષર મુખકમલમાંથી નીકળતાં હોય
અને ભાવો હંસની ઉડાનની જેમ
પરમાત્માને પામવા ઉછળતાં હોય... ઉડતાં હોય..

### દ્વીતિય પદ :

## ‘પાસં વંદામિ કમ્મઘણમુક્કં’

દ્વીતિય પદ **‘સિંહ નાદ’**થી બોલવાનું હોય છે.
સિંહ જ્યારે ગર્જના કરે, ત્યારે આખા અસ્તિત્વને
એક કરી અતલ ઊંડાણથી, એક force સાથે
અવાજને બહાર કાઢે છે, એવી જ રીતે,
સમગ્ર અસ્તિત્વને એક કરી, નાભિમાંથી એક પ્રકારના
force સાથે આ શબ્દો બહાર નીકળવા જોઇએ.
જેમ સિંહની ગર્જનાથી આસપાસનું વાતાવરણ
કંપિત થઇ જાય, તેમ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો નાદ
જ્યારે સિંહ ગર્જનાની જેમ નીકળે ત્યારે આસપાસ ઉપસ્થિત
સર્વના આત્મા સ્પંદિત થઇ જાય અને આ નાદ અભિવ્યક્ત
કરનારની આસપાસ પણ એક સુરક્ષા વર્તુળની રચના થઇ જાય.



### તૃતિય પદ:

## ‘વિસહર વિસ નિન્નાસં’

તૃતિય પદ **‘હસ્તિ ગતિ’થી** બોલવાનું હોય છે.
હાથી જેમ ધીમે-ધીમે સ્વસ્થતાપૂર્વક એક જ ગતિથી
પોતાની મસ્તીમાં, ‘પર’ની પરવાથી પર થઇને ચાલે,
તેમ તૃતિય પદના એક-એક શબ્દ,
એક જ લયમાં, એક જ સૂરમાં એક જ ગતિમાં
ધીમે-ધીમે બહાર નીકળવા જોઇએ.
કોઇની ગણના પણ નહીં, કોઇની અવગણના પણ નહીં.





### ચતુર્થ પદ:

## ‘મંગલ કલ્લાણ આવાસં’

ચતુર્થ પદ ‘**સર્પ ગતિ’થી** બોલવાનું હોય છે.
સર્પ જેમ એક ગતિથી
સરકતાં-સરકતાં દરમાં જાય છે,
તેમ આ પદના દરેક શબ્દ અંતર આત્મામાંથી
એક તાન અને એક સૂરમાં, સર્પના વળાંકની ગતિની જેમ
મુખકમલમાંથી નીકળવા જોઈએ
અને તન એ તાલમાં ડોલવું જોઇએ.
એક લીન ગતિ પ્રભુમાં લીનતા અપાવે છે.

આ રીતે બાકીની 4 ગાથાના 4 પદ બોલવાના હોય છે.

**શબ્દ સંયોજનના લય પ્રમાણે જ્યારે સ્તોત્રનો ધ્વનિ પ્રગટ થાય છે ત્યારે તે ધ્વનિના દિવ્ય તરંગોની અસર બોલનાર અને સાંભળનાર બંનેના તન, મન અને આત્મા પર દિવ્યતાનો અનેરો અહેસાસ કરાવે છે.**

## સ્તોત્રનું નામ

# ‘શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર’ શા માટે છે?

- પરમ ગુરુદેવ

સ્તોત્રના રચનાકાર આચાર્ય **શ્રી ભદ્રબાહુસ્વામીએ** સ્તોત્રનું નામ **‘ઉવસગ્ગહર સ્તોત્ર’** રાખ્યું છે કેમ કે, આ સ્તોત્રની રચના તે સમયે નગરજનો પર આવેલા **દૈવી ઉપસર્ગને દૂર કરવા** માટે કરવામાં આવી હતી.

**‘ઉવસગ્ગ’** એટલે **ઉપસર્ગ** અને **‘હરં’** એટલે **હરનારા,**
**ઉપસર્ગને હરનારા** એવા **પાર્શ્વનાથ ભગવાનને કરેલી આ અરજી અને આજીજી છે.**

ઉપસર્ગ એટલે આપણે ઇચ્છતા ન હોઇએ એવી સ્થિતિનું સર્જન!
**પ્રતિકૂળતાઓ, અશાંત બનાવી દે એવી પરિસ્થિતિઓ અને સમગ્ર અસ્તિત્વ ધ્રૂજી જાય એવી આપત્તિઓ!**

આ સ્તોત્ર **ભૌતિક જગતના** આવા **ઉપસર્ગો** અને **આધ્યાત્મિક** જગતમાં **સાધના** આદિમાં આવતાં **વિઘ્નો** અને **અંતરાયોને** દૂર કરે છે, માટે જ **યથાયોગ્ય નામ** આપવામાં આવ્યું છે.






# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની
# સાધના શા માટે ?

- પરમ ગુરુદેવ

જૈનદર્શનમાં આત્મશુદ્ધિ, આત્મજ્ઞાન અને કેવળજ્ઞાનની વાત દર્શાવી હોવા છતાં મંત્ર અને સ્તોત્રનું એટલું જ મહત્વ દર્શાવ્યું છે.

ઘણાના મનમાં પ્રશ્ન થાય કે, જ્યાં આત્મદર્શન અને આત્મપ્રાપ્તિની જ વાત હોય અને જ્યાં આત્મલક્ષી જ કાર્ય કરવાનું હોય, ત્યાં સ્તોત્રની શું જરૂર ? સ્તોત્રની જરૂર કયાં પડે ?

જ્યાં આત્મદર્શન અને આત્મપ્રાપ્તિની વાત છે, ત્યાં સ્તોત્રની પણ અનિવાર્યતા હોય છે. **સ્તોત્ર દ્વારા શુદ્ધિથી સિદ્ધિની યાત્રા થાય છે.**

માનો કે, એક ખેડૂતને ખેતરમાં પાક ઉગાડવો છે, તો શું એ direct ખેતરમાં બીજ વાવી દેશે તો પાક ઉગશે ? ના !

તો શું કરવું પડે ?

ખેડૂતે સહુ પ્રથમ ખેતરના એ ઢેફાંઓને તોડવા પડે. એમાં રહેલાં કાંટા અને કાંકરાઓને દૂર કરવા પડે. એમાં પાણી નાંખી એ ભૂમિને નરમ અને સમતલ કરવી પડે અને પછી એમાં યોગ્ય બીજનું વાવેતર કરવું પડે, તો જ યોગ્ય પાક ઉગે.

એવી જ રીતે કોઈપણ સાધના કરવી હોય, સિદ્ધિને પ્રાપ્ત કરવી હોય તો પ્રથમ અનાદિ અનંતકાળના અવગુણો અને કષાયો યુક્ત આત્મધરાને ખેડવી પડે. અવગુણોના ઢેફાં અને કષાયોના કાંટા-કાંકરાને દૂર કરવા પડે. એને ભક્તિના જળથી ઋજુ અને કરુણાવાન બનાવવી પડે પછી જ એમાં મોક્ષ પ્રાપ્તિના બીજનું વાવેતર કરી શકાય, પછી જ સિદ્ધિની પ્રાપ્તિ થાય.

**શુદ્ધિથી સિદ્ધિની યાત્રા માટેનું એક માધ્યમ છે, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ-સાધના !**

**આત્માને પરમાત્મા બનાવવાની process છે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ-સાધના !**

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ-સાધના શું કરે છે ?

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ-સાધના, પરમાત્મા પાર્શ્વનાથની આ સ્તુતિ અને ભક્તિ, પ્રભુ પ્રત્યે પ્રેમ, અહોભાવ, શ્રદ્ધા અને સમર્પણતાના ભાવ જન્માવે છે. પ્રભુ પ્રત્યેના પ્રેમથી પ્રભુ જેવા બનવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને સમર્પણતા... વ્યક્તિમાં રહેલાં અવગુણો અને અહમ્‌ના ઢેફાંઓને તોડી નાંખે છે, કામનાઓ અને કષાયોના કાંટાઓને દૂર કરે છે, ઇચ્છાઓ અને માન્યતાઓના કચરાંનો નાશ કરી દે છે અને આત્મધરાને ઋજુ અને કરુણાવાન બનાવે છે. આત્માને શુદ્ધ -વિશુદ્ધ બનાવે છે, મનને શાંત અને ચિત્તને પ્રસન્ન કરે છે.

જ્યાં સુધી અવગુણો અને કષાયો દૂર ન થાય, ત્યાં સુધી મન શાંત ન થાય. જ્યાં સુધી કામના અને માન્યતાઓ દૂર ન થાય, ત્યાં સુધી ચિત્ત પ્રસન્ન ન થાય. જ્યાં સુધી શાંતિ, સમાધિ અને પ્રસન્નતા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી જ્ઞાનની અને આત્માની વાતો માત્ર કાનથી સંભળાય અને કાનથી જ બહાર નીકળી જાય, અંતર આત્મા સુધી ન પહોંચે. આત્મા સુધી ન પહોંચે તો આત્મસાધના કેવી રીતે થાય ?

માટે જ, સિદ્ધિની પ્રાપ્તિની શરૂઆત સ્તોત્રની સાધનાથી થાય છે. શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર દ્વારા, પરમાત્માની આ સ્તુતિ દ્વારા પ્રભુભક્તિમાં લીન-તલ્લીન અને એકાગ્ર બનવાનું હોય છે.

જેમ-જેમ જપ-સાધના વધતી જાય, તેમ-તેમ આત્મ સમર્પણતા વધતી જાય. જેમ-જેમ આત્મ સમર્પણતા વધતી જાય, તેમ-તેમ સ્વયંનો શૂન્યત્વ ભાવ વધતો જાય.

**શૂન્યત્વ ભાવ એટલે શું ?**

શૂન્યત્વ એ ભાવ છે, જેમાં પ્રભુત્વ સર્વસ્વ અને સર્વ શ્રેષ્ઠ લાગે અને સ્વયંનું અસ્તિત્વ તુચ્છ અને પામર લાગે. જેમાં પ્રભુ અને ગુરુ વિરાટ લાગે અને પોતે વામન લાગે.

જેમાં એક ભાવાનુભૂતિ હોય...

હે પ્રભુ ! આપ શ્રેષ્ઠત્તમ છો અને હું સામાન્ય છું. આપ વીતરાગી છો અને હું રાગી છું. આપ પરમજ્ઞાની છો અને હું અલ્પ જ્ઞાની છું. આપ મહાન આત્મા છો અને હું રજ સમ છું. આપ ત્યાગી છો અને હું ભોગી છું. આપ શુદ્ધ છો અને હું અશુદ્ધિથી ભર્યો છું.

જ્યારે વ્યક્તિ પ્રભુના ચરણ-શરણમાં સમર્પિત થઇ જાય છે, સોંપાય જાય છે, ત્યારે તે આવા શૂન્યત્વનો અહેસાસ કરે છે. કેમ કે,

જે સોંપાય છે, તે શાંત થઇ જાય છે.

જે સોંપાય છે, તે સુરક્ષિત થઇ જાય છે.

જે સોંપાય છે, તે હળવા થઇ જાય છે.

જ્યારે શૂન્યત્વ ભાવ પ્રગટે છે, ત્યારે પ્રેરક તત્ત્વ પ્રભુ પ્રત્યે આવી સમર્પણતા આવે છે અને ત્યારે જ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે અને આવી સમર્પણતાના પ્રાગટ્ય માટે છે, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ-સાધના જે પ્રભુ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, અહોભાવ અને સમર્પણતાનું પ્રાગટ્ય કરાવે છે.

## શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના સમયે સાધકનું લક્ષ્ય



જ્યારે એક આત્મા, પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરે છે ત્યારે તેને શું મળે છે ?

પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરનારને બે પ્રકારના લાભ થાય છે. દ્રવ્ય લાભ અને ભાવ લાભ !

આપણા માટે મહત્વનું શું હોય ? દ્રવ્ય લાભ કે ભાવ લાભ ?

દ્રવ્ય લાભથી દેહની પીડા, વેદના, તકલીફ આદિમાં શાતા મળે, રાહત થાય. જ્યારે ભાવ લાભમાં અનંતા-અનંતા અશુભ કર્મોનો ક્ષય થાય, અશાતા વેદનીય કર્મોનો ક્ષય થાય અને અંદરમાં રહેલી negativity દૂર થાય. તો પછી મહત્વ શેનું હોવું જોઇએ ?

મહત્વ ભાવ લાભનું હોવું જોઇએ, દ્રવ્ય લાભ તો byproduct થવાનો જ છે.

જેમ એક ખેડૂત એના ખેતરમાં બિયારણનું વાવેતર કરે અને પછી જ્યારે પાક લણે ત્યારે તેને પાકની સાથે ખોળ પણ byproduct તરીકે મળી જાય છે, જે એના બળદો માટેનો આહાર બની જાય છે. એવી જ રીતે આપણે જ્યારે પરમાત્મા પાર્શ્વનાથની અહોભાવથી સ્તુતિ અને ભક્તિ કરીએ ત્યારે અશુભ કર્મોનો ક્ષય તો થાય જ છે પણ byproduct રૂપે આપણને દિવ્ય તત્વોની સહાય પણ મળી જાય છે. માટે જ પરમાત્માની ભક્તિ અને સ્તુતિ તો એવા હૃદયના ભાવથી કરવી જોઇએ, જેમાં ન કોઇ આશા હોય કે ન કોઇ અપેક્ષા !

જે પરમાત્માની ભક્તિ અને સ્તુતિ ભાવથી કરે છે, તેની આફતો, તેના ઉપસર્ગો સહજતાથી શાંત થઈ જતા હોય છે. પરંતુ ખોટ આપણી એ હોય છે કે, આપણે દ્રવ્ય લાભથી થતાં ચમત્કારોથી અંજાઇ જતા હોઇએ છીએ અને એમાં પરમાત્મા પ્રત્યેનો ભાવ, પરમાત્માનો પ્રભાવ, પરમાત્માના આત્મગુણો અને સ્વયં પરમાત્મા બનવાનું લક્ષ્ય ઓછું થઇ જાય છે અથવા ભૂલાય જાય છે.

મારે આજથી સંકલ્પ કરવો છે, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધનાનો મારો લક્ષ્ય હશે નિઃસ્વાર્થ પરમાત્માની ભક્તિ, પ્રભુ માટે પ્રેમનો કોઈ પાર નહીં અને સ્વયંને શુદ્ધ કરવાના ભાવો સાથે સાધના કરીશ.



# સાધના સમયે સાધક કે ઉપાસક

ઉપાસક કોણ હોય ? ઉપાસક કેવો હોય ? તે ઉપાસક છે તે કેવી રીતે જાણી શકાય ? ઉપાસક નું માપદંડ શું હોય ? ઉપાસક ની ઓળખાણ શું હોય ?

જ્યારે એક આત્મા પ્રભુભક્તિ કે ગુરુભક્તિના ભાવમાં આવે છે ત્યારે તે બહારથી તો એકદમ શાંત-પ્રશાંત થઇ જાય છે, પણ અંદરમાં એના ભાવોના મોજાં ઉછળવા લાગે છે, ઘુઘવાટ કરવા લાગે છે. બહારની દુનિયાથી તે અલિપ્ત થવા લાગે છે પણ અંદરની દુનિયામાં તેનામાં કંઇક નવું, કંઇક અનેરું પ્રાપ્ત કરવાની તમન્ના, તલસાટ અને તાલાવેલી પ્રગટવા લાગે છે.

**ઉપાસક એ જ હોય જે બીજે કયાંય ભળી જ ન શકે, અને સ્વયંના પ્રભુ કે ગુરુને ભૂલી જ ન શકે. ઉપાસક એ જ હોય, જે મળે બધાંને પણ ભળે કયાંય નહીં.**

જ્યારે એક આત્મા ભક્તિની દિશામાં આગળ વધે છે, જ્યારે એક આત્મા ઉપાસક બનવાની શરૂઆતમાં આગળ વધે છે, ત્યારે તે તેની બહારની દુનિયામાં જેટલાં પણ સંબંધો છે, જેટલાં પણ સંયોગો છે, જેટલાં પણ વ્યવહારો છે તે બધાંથી ધીમે-ધીમે દૂર થવા લાગે છે, તે બધાંથી પોતાની જાતને પાછી ખેંચી લેશે અને જાતને પાછી ખેંચ્યા પછી એનું એક માત્ર ખેંચાણ હોય છે, માત્ર ને માત્ર એના પ્રભુ તરફ...

જ્યારે આવી ભક્તિ પ્રગટ થાય, જ્યારે આવું ઉપાસક પણું પ્રગટ થાય, ત્યારે ગૌતમ ભૂલી જાય કે હું 500 શિષ્યોનો ગુરુ છું, મહાજ્ઞાની પંડિત છું.

ઉપાસક એ જ હોય જેને કોઇની ચિંતા ન હોય, કોઇની પરવા ન હોય, એનો સંસાર પ્રત્યેનો રાગ અને સંસાર પ્રત્યેનું ખેંચાણ ઉપશાંત થવા લાગે છે. એના આત્મા પરથી સંસાર પરિભ્રમણ કરાવનારી જેટલી પણ દુષ્ટ વૃત્તિઓ છે તે દૂર થવા લાગે છે.

જ્યારે વ્યક્તિ પ્રભુને સમર્પિત થાય છે, ત્યારે તે ઉપાસક બનવાની processમાં આવે છે ત્યારે તે શ્રીફળ જેવો થવા લાગે છે. બહારથી એના જીવનને એની જીવનશૈલીને જોનારાને એમ લાગે કે આ વ્યક્તિ કેવી નિરસ છે, પણ અંદરથી એના અંતર આત્માને જોનારાને લાગે કે એના હૃદયમાં કેટલું બધું ભક્તિનું જળ ભરેલું છે !

**જેને દુનિયામાં રસ હોય એને કયારેય ભક્તિમાં રસ ન હોય અને જેને ભક્તિમાં રસ હોય, તે દુનિયાથી નિરસ હોય.**

ઉપાસક એ જ હોય, જે જેમ-જેમ ભક્તિમાં લીન-તલ્લીન બનતો જાય, તેમ-તેમ તેની બાહ્ય પ્રવૃત્તિઓ અને આંતરિક વૃત્તિઓ પરિવર્તન પામવા લાગે.

ઉપાસક એ જ હોય જેને ખબર જ ન હોય કે શા માટે એને વારંવાર પ્રભુ યાદ આવે છે, શા માટે એની આંખો સમક્ષ એ જ દિવ્યાકૃતિ તરવરે છે. શા માટે એમના પ્રત્યે આટલું બધું આકર્ષણ અનુભવાય છે, શા માટે એ સ્મરણપટ પર સ્થિર થઇ ગયાં છે ! એને ખબર જ ન પડે કે તે આટલાં બધાંની વચ્ચે હોવા છતાં અનન્યતા કેમ feel કરે છે !

શા માટે આવું થાય ?

**એક ઉપાસક ને જ્યારે એના પ્રભુ પ્રત્યે અનન્ય પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણના ભાવ જાગૃત થાય છે ત્યારે તે અન્ય સર્વને ભૂલી જાય છે, તે બીજું બધું જ ભૂલી જાય છે.**

જ્યારે એક આત્મામાં આવી ભક્તિ પ્રગટે છે, ત્યારે જ પરમાત્માને પામી શકાય છે, સિદ્ધ સાધક બની શકાય છે.

સૌજન્ય - ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર, ઘાટકોપર

# શું તમને મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના કરવી છે?

- પરમ ગુરુદેવ



એક જીવને જ્યારે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની પ્રભાવકતાનો અનુભવ થાય છે, ત્યારે તેનો આત્મા એ પ્રભાવક સ્તોત્રને આત્મસાત્ કરવા ઉલ્લાસિત બને છે, સ્તોત્રની સાધના કરવા ઉત્સુક બને છે.

કોઈપણ મંત્ર - સ્તોત્રનું સ્મરણ આરાધક ક્યારેય પણ કરી શકે છે, પણ જો જિજ્ઞાસુ જીવને તેની નિયમિત સાધના કરી મંત્રને-સ્તોત્રને સિદ્ધ કરવાના ભાવ થાય તો શું કરવું જોઈએ ? નિયમિત સાધના માટે ગુરુ આજ્ઞા અનિવાર્ય હોય છે, અને માટે જ, સૌ પ્રથમ તે વ્યક્તિએ, પોતાના આરાધ્ય ગુરુ પાસે જઈ, ભાવપૂર્વક વંદના કરી, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના કરવાના ભાવ વ્યક્ત કરી, ગુરુને અહોભાવપૂર્વક પૂછવું જોઈએ કે, શું મારા આત્મા માટે શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સાધના કરવી યોગ્ય છે? પરમ ગુરુદેવનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યા પછી એમને સાધના કરાવવા માટે વિનંતી કરવી જોઈએ.

સ્તોત્રને સિદ્ધ કરવાની ભાવના ધરાવતાં સાધકમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર અને સાધના પ્રદાતા ગુરુ પ્રત્યે પૂર્ણપણે શ્રદ્ધાભાવ અને દઢ વિશ્વાસ હોવો જોઇએ. શ્રદ્ધા અને વિશ્વાસ સાથે સ્વયંની પાત્રતાનો વિકાસ કરવો જોઇએ.

મંત્ર અને મંત્રમય સ્તોત્રો ગુરુગમ્ય હોય છે, શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સ્વયં પોતે જ ઉત્કૃષ્ટ શક્તિ ધરાવે છે. પણ જ્યારે તે ગુરુના શ્રીમુખેથી ગ્રહણ કરવામાં આવે ત્યારે તેઓ સ્વયં સિદ્ધ સાધક હોય જેનાથી તેમની દિવ્ય શક્તિમાં સાધનાની ઊર્જા ભળે છે. ગુરુદેવના સાધનાના તરંગોથી તે સ્તોત્ર positivityથી charge થઇ જાય છે અને શિષ્યની જપ સાધનાને પુષ્ટ કરે છે.

સિદ્ધિના સાધક ગુરુની શુભ aura અને દિવ્ય vibrations સાધના ક્ષેત્રમાં વ્યાપ્ત થાય છે ત્યારે તે દિવ્ય પરમાણુઓ positive vibrationsથી સમૃદ્ધ electro magnetic fieldનું સર્જન કરે છે, જે સાધકની negativity અને આસપાસના અશુભ તત્ત્વોને દૂર કરે છે, સાધકની ચૈતન્ય શક્તિને જાગૃત કરે છે અને સાધના માટે સાધકના આત્માને પલ્લવિત કરે છે.

ગુરુમુખે શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ગ્રહણ કરી, ગુરુના માર્ગદર્શન અનુસાર જ્યારે સાધક સાધના કરે છે, ત્યારે તેની શ્રદ્ધા અને સમર્પણતા અનુસાર તેનામાં divine અને powerful ઊર્જાનો આવિર્ભાવ થાય છે, એના અંતર આત્મામાં ગુણાત્મક પરિવર્તન આકાર લે છે, એનું અસ્તિત્વ લીન-તલ્લીન થઇ વિલીન થવા લાગે છે ત્યારે તેને શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના સાક્ષાત્કારનો અહેસાસ થવા લાગે છે.

ગુરુની કૃપા અને ગુરુના આશીર્વાદથી સાધના જેમ-જેમ આગળ વધે છે, જેમ-જેમ સાધકની પ્રગતિ થાય છે અને જેમ-જેમ જાપની સંખ્યામાં વૃદ્ધિ થતી જાય છે, તેમ-તેમ સાધક સિદ્ધિની સમીપ આવવા લાગે છે.

**સાધકમાં જેટલી શુદ્ધિ, સરળતા, સ્થિરતા, સમર્પણતા, સંકલ્પદઢતા અને**

**એકાગ્રતા વધારે એટલી સિદ્ધિની પ્રાપ્તિ અને આત્મસાત્‌ની અનુભૂતિ ત્વરિત થાય છે.**

જેમ-જેમ સાધનાની ઉત્કૃષ્ટતા વધતી જાય તેમ-તેમ ચિત્તની પ્રસન્નતા વધે છે, પાપકર્મોનો ક્ષય થાય છે અને પુણ્યકર્મોનો બંધ થાય છે.

**ગુરુઆજ્ઞા, ગુરુ આશીર્વાદ અને ગુરુ આદેશ અનુસાર કરેલી સાધના યથાયોગ્ય વિધિ-વિધાનથી થતી હોવાથી તે સફળ અને સાર્થક બને છે.** સાધનાને સફળ, સાર્થક અને સ્વાનુભૂતિકર બનાવવા માટે જ ગુરુ સાંનિધ્યે, સમર્પિતભાવે સાધના કરવાનું મહત્વ દર્શાવ્યું છે.

## પરમ ગુરુદેવનો એક સંકેત આપણા સહુ માટે




### શ્રેષ્ઠ અને સમજુ ખેડૂત કોને કહેવાય ?

જે પોતાના ખેતરને હરિયાળું બનાવવા, આકાશ સામે વાદળાંને વરસવાની રાહ જુએ તે કે જે પોતાના કૂવાના પાણીનો ઉપયોગ કરી ખેતરને હરિયાળું બનાવે તે ? ?

### એવી જ રીતે શ્રેષ્ઠ અને સમજુ સાધક કોને કહેવાય ?

સ્વયંના આત્મખેતરને પ્રભુભક્તિના ભાવોથી પલ્લવિત રાખવા ગુરુના પધારવાની પ્રતિક્ષા કરે તે કે જે ગુરુ પાસેથી પ્રાપ્ત જ્ઞાનના કુવામાંથી સમજના જળનો ઉપયોગ કરી પળ-પળ હર પળ સ્વયંના આત્મખેતરને પ્રભુભક્તિના ભાવોથી પલ્લવિત રાખે તે ? ?

અમારી તમને એ જ પ્રેરણા છે કે, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સમજને પ્રાપ્ત કર્યા પછી, અમારા સાંનિધ્યમાં અનેકવાર જપ-સાધના કર્યા પછી હવે તમે તમારી સાધના ક્ષમતા દ્વારા તમારા જ એવા vibrations create કરો, જેથી તમારા vibrations દ્વારા તમે તમારા આત્માને તો સ્પંદિત કરી શકો અને અન્યના આત્માને પણ ભાવિત કરી શકો.




# મંત્ર સાધનામાં Scienceનું સત્વ

- પરમ ગુરુદેવ

મંત્ર અને સ્તોત્રને ઘણાં ચમત્કાર માને છે. જે આ સ્તોત્રના રહસ્ય સુધી પહોંચ્યા છે, એના ગર્ભ સુધી પહોંચ્યા છે, એવા જ્ઞાની અને સિદ્ધપુરુષની દૃષ્ટિમાં આ એક વૈજ્ઞાનિક તથ્ય છે.

જો એ માત્ર ચમત્કાર જ હોત તો મંત્રનું સ્મરણ કરનાર દરેક વ્યક્તિને એની પ્રભાવક્તાનો અનુભવ થાત પણ એવું બનતું નથી. કોઇ વ્યક્તિ એકવાર ભાવથી મંત્ર કે સ્તોત્રનું સ્મરણ કરે છે અને તેને એની પ્રભાવક્તાની અનુભૂતિ થાય છે અને કોઇ વ્યક્તિ વર્ષોથી, નિત્ય સ્મરણ કરે છે, છતાં એને કોઇ અનુભૂતિ થતી નથી. કોઇ વ્યક્તિને પ્રભાવની અસર ઓછી થાય છે તો કોઇને વધારે !

કેમ કે, આ માત્ર ચમત્કાર નથી, પણ એની પાછળ reason અને vision છે. એની પાછળ વ્યક્તિના સ્વયંના ભાવ અને શ્રદ્ધા છે, એની પાછળ શબ્દોનું સંયોજન છે, એની પાછળ એક process થાય છે.

તમે ઘણીવાર સાવ નાનકડાં, તાજા જન્મેલા નવજાત શિશુને, નાનકડાં બાળકને રડતાં જોયાં હશે. યાદ કરો, એ બાળક કેવી રીતે રડે છે ? બાળક હોઠથી રડે છે, મુખથી રડે છે, આંખથી રડે છે કે અંગેઅંગથી રડે છે ? એ બાળક રડે છે, ત્યારે શું થાય છે ? એના હાથ ખેંચાય છે, એનાં પગ ખેંચાય છે, એનું પેટ ખેંચાય છે, એની ભ્રમરો ખેંચાય છે, એનું આખું અસ્તિત્વ ખેંચાય છે અને ત્યારે એની નાભિમાંથી શબ્દ નીકળે છે, ઉ...વાં, ઉ...વાં ! એ શબ્દ એટલો powerful હોય છે કે, એ સાંભળતાં જ એની 'મા' જ્યાં હોય ત્યાંથી દોડીને એની પાસે પહોંચી જાય છે અને જેવી 'મા' બાળકને હાથમાં લે છે, બાળક શાંત થઇ જાય છે, ચૂપ થઇ જાય છે, ખુશ થઇ જાય છે.

**જે સર્વાંગથી પ્રગટ થાય છે, તે સર્વ શક્તિમાન હોય છે !**

મંત્ર અને સ્તોત્રનું પણ જ્યારે સર્વાંગથી સ્મરણ થાય છે, ત્યારે તે સર્વ શક્તિમાન બની જાય છે.

આપણા શરીરમાંથી સતત ઊર્જા પ્રગટ થતી હોય છે. જેટલો ઊર્જાનો force હોય, એટલી ગતિ હોય. આપણા મુખમાંથી પણ જે શબ્દ નીકળે એ જેટલાં forceથી નીકળે, એટલી તીવ્ર ગતિથી એ ચૌદ રાજુલોક સુધી પહોંચે. એ શબ્દમાં જ્યારે સિદ્ધસાધક, ગુરુની કૃપા, સ્વયંના સર્વાંગની ઊર્જા અને સ્વયંની શ્રદ્ધા ભળે છે, ત્યારે તે શબ્દ એક દિવ્ય શક્તિથી સમૃદ્ધ મંત્રરૂપ બની જાય છે, ત્યારે તે શબ્દની દિવ્ય શક્તિ સ્વયંને તો અસર કરે છે પણ સાંભળનાર વ્યક્તિના તન, મન અને આત્માને પણ અસર કરે છે, જેના કારણે

તે વ્યક્તિનો આત્મા એક અલગ અનુભૂતિ સાથે સ્પંદિત થાય છે, જેના કારણે તે વ્યક્તિની negativity દૂર થાય છે, ભાવ શુભ હોય તો કર્મની નિર્જરા થાય છે, પ્રભુતત્ત્વ અને ગુરુતત્ત્વ પ્રત્યે અહોભાવ અને વિશ્વાસ હોય તો પુણ્ય ઉપાર્જન થાય છે, જેના કારણે એના સકળ કાર્યો સફળ થાય છે.

ઘણાં કહેતાં હોય છે કે, પરમ ગુરુદેવના સાંનિધ્યે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ સાધનામાં ગયાં પછી અમારા problems solve થવા લાગ્યાં, 21 દિવસીય સળંગ જપ-સાધના કરી અને અમારા અશક્ય કાર્યો શક્ય થઇ ગયાં, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું નિત્ય સ્મરણ શરૂ કર્યું ત્યારથી ઘરમાં સુખ, શાંતિ અને સમાધિ છે, જ્યારથી ઉવસગ્ગહર સ્તોત્રની સાધનાથી અભિમંત્રિત માળા હાથમાં પહેરું છું, ત્યારથી મારા મનના બધાં ભય દૂર થઇ ગયાં છે, માળા મારું સુરક્ષા કવચ છે.

આ કોઇ ચમત્કાર નથી, મંત્ર અને સ્તોત્રનું ચમત્કારની દૃષ્ટિએ સ્મરણ કરવાનું નથી, પણ એમાંથી પ્રગટતી શક્તિઓનો, શ્રદ્ધાના સમન્વય સાથે ઉપયોગ કરવાનો છે. એ શક્તિ કેવી રીતે પ્રગટ થાય છે, તે processને સમજી, તે પ્રમાણે મંત્ર અને સ્તોત્રનું સ્મરણ અને સાધના કરવાની હોય છે.

એક atom bomb, અણુ bomb કેવડો હોય ? એક નાનકડાં ball જેવડો પણ એમાં કેટલી શક્તિ સમાયેલી હોય ? એનો જ્યાં વિસ્ફોટ થાય, ત્યાંના building, આસપાસના ઝાડપાન, વસ્તુઓ બધાંનો નાશ કરી દે !

એવી જ રીતે, જ્યારે તમે તમારી પૂર્ણ શક્તિથી કોઈ પણ મંત્ર કે સ્તોત્ર બોલો છો અને એ શક્તિને વિસ્ફોટ કરો છો તો તમારી આસપાસની બધી જ negativity, અશુભ તત્ત્વો અને તમારા સ્વયંના negative ભાવ અને અશુભ વિચારોનો નાશ કરી શકો છો. Negativity અને અશુભ તત્ત્વોનો નાશ થાય એટલે automatic positivity, શુભ ભાવો અને શુભ વિચારો તમારી અંદરમાંથી જ પ્રગટ થાય, જે તમારી auraને પણ positive અને શુભ બનાવે.

જ્યાં positivity અને શુભ ભાવના હોય, ત્યાં સફળતા લાવવી ન પડે, આવી જ જાય !

એટલે આ કોઇ ચમત્કાર નથી પણ વૈજ્ઞાનિક process છે, જેને સમજવી બહુ જરૂરી છે.

તમારી routine lifeને જ check કરો, શરીરની ઊર્જા કેવી રીતે કામ કરે છે !

તમને પેટમાં દુખશે તો સૌથી પહેલાં તમારી કંઇ action થશે ? તમારો હાથ સીધો પેટ ઉપર જશે. તમને માથું દુખતું હોય અને કોઇ દબાવી દે તો તમને કેટલું સારું અને relaxed feel થાય છે ! ધ્યાન સાધના પછી આંખ ખોલતાં પહેલાં બંને હાથની હથેળીઓને આંખ ઉપર મૂકીએ છીએ . શા માટે ?

કેમ કે, તમારા હાથમાંથી નીકળતી ઊર્જા, એક પ્રકારની શક્તિ 'pain killer'નું કામ કરે છે. ધ્યાન સાધના પછી જ્યારે હાથ આંખો પર રાખો છો, ત્યારે એ divine ઊર્જા આંખો દ્વારા તમારા સમસ્ત શરીરમાં pass થાય છે અને તમારા શરીરને positive energyથી charge કરે છે.

કોઈ પણ મહારાજ સાહેબ કે મહાસતીજી જ્યારે પચ્ચક્ખાણ આપે છે, ત્યારે શું કરે છે ? કોઇને આશીર્વાદ આપે છે, ત્યારે શું કરે છે ?

પૂજ્ય મહારાજ સાહેબ કે પૂજ્ય મહાસતીજી જ્યારે પચ્ચક્ખાણ કે આશીર્વાદ આપે છે, ત્યારે પ્રથમ તેઓ પોતાના સમગ્ર અસ્તિત્ત્વની energy હાથમાં એકત્રિત કરે છે અને પછી પચ્ચક્ખાણ લેનાર પર વહાવે છે એટલે એ સાધનાથી સમૃદ્ધ positivity ગ્રહણ કરનારને positivityથી સમૃદ્ધ બનાવી દે છે જેના કારણે એમની તપ સાધના નિર્વિઘ્ન અને શાતાપૂર્વક પરિપૂર્ણ થાય છે.

**જેટલી શ્રદ્ધા વધારે એટલી પચ્ચક્ખાણની અસર વધારે, જેટલો વિશ્વાસ વધારે એટલા આશીર્વાદ પ્રભાવશાળી બને.**

પચ્ચક્ખાણ લેતી વખતે મોટાભાગના લોકો શું કરે છે ?

બે હાથ જોડી, આંખ બંધ કરીને ઊભા રહે છે અને જેવા પચ્ચક્ખાણના શબ્દો સંભળાવાના બંધ થાય એટલે આંખ ખોલી, મસ્તક નમાવી બેસી જાય ! ના ! પચ્ચક્ખાણ લેતી વખતે બે હાથ જોડી, વંદન કરી, તમારી દૃષ્ટિને પચ્ચક્ખાણ આપનારના હસ્ત તરફ હોવી જોઇએ, જેથી હાથમાંથી નીકળતી એ ઊર્જાને આંખ દ્વારા ગ્રહણ કરી, સમગ્ર અસ્તિત્વમાં pass કરવાની હોય. સમગ્ર અસ્તિત્વને recharge કરવાનું હોય !

જૈનદર્શનની દરેક ક્રિયા અને દરેક વિધી પાછળ એક reason હોય છે, એક vision હોય છે. જે આ સમજી લે છે, તે તેનો સમ્યક્ ઉપયોગ કરી શકે છે.

મંત્ર કે સ્તોત્રની જ્યારે જપ-સાધના કરો, ત્યારે તેના reason અને vision ને જાણી અને સમજીને કરો તો સમ્યક્રૂપે પરિણમે !

Science એ prove કર્યું છે કે, જે વ્યક્તિ રાત્રે સૂતા પહેલાં ભાવથી મંત્રનું સ્મરણ કરીને સૂવે છે, તેને રાતના કોઈ ખરાબ કે negative સ્વપ્ન નથી આવતા, તેની breathing pattern proper અને normal રહે છે, એને sound sleep આવે છે, એટલે સવારે ઊઠે ત્યારે પણ fresh અને energetic હોય છે.

જે ઘરમાં રાત્રે બધાં સમૂહમાં મંત્ર સાધના કરી, એક બીજાને sorry કહીને સૂવે છે, એ ઘરમાં medical bill નહીંવત્ હોય છે. કેમ કે, બધાં relax અને હળવા થઈ ગયાં હોય છે, બધાંના ભાવો શુભ અને પ્રભુમય થઈ ગયાં હોય છે, જે વ્યક્તિ મનમાં આખા દિવસના વિચારોનો ભાર લઈને સૂવે છે, તે વિચારો એની memoriesમાં deep જાય છે અને તેની hormonal systemને disturb કરે છે, જેના કારણે તેની health સ્વસ્થ નથી રહેતી.

ભગવાને પણ કહ્યું છે, દિવસભરના વિચારોને લઈને સૂવાવાળી વ્યક્તિ રાત્રે કાંઈ ન કરે તો પણ દિવસભરના પાપોને મનમાં ને મનમાં repeat કરે છે અને મનોમન પાપકર્મ બાંધે છે, જેનાથી તે વ્યક્તિ પોતાની ઊંઘને પણ કર્મમય બનાવે છે.

**મંત્ર meditation પણ છે**
**અને મંત્ર મનની**
**medicine પણ છે.**

## પ્રભુચરણ મુજ આચરણનું પ્રતિક

હે તીર્થંકર પરમાત્મા ! હું આપને વંદન કરું છું ! વંદન એટલે માત્ર બે હાથ જોડી મસ્તક નમાવવું નહીં, એ પ્રક્રિયાની સાથે એમના ભાવ હોય છે કે, હે પરમાત્મા ! આપને વંદન કરતાં-કરતાં હું આપના ચરણ તરફ વળવા માંગું છું અને આપના ચરણ તરફ વળી, આપના આચરણ તરફ વળવા માંગું છું. જ્યારે હું આપના ચરણને નિહાળીશ ત્યારે આપના ચરણ જે દિશામાં છે એ દિશામાં હું મારા પગલાં પાડી શકીશ.

આપના ચરણને હું ભાવથી પૂજું છું કેમ કે, આપના ચરણ એ મારા આચરણનું પ્રતિક છે. આપના આ ચરણ જે દિશામાં છે, મારે એ દિશામાં જવું છે.

હે પરમાત્મા ! આપના આ ચરણનો આશ્રય લેતાં-લેતાં અંતે મારે આચરણ તરફ જવું છે.



# ઉપકારનો ધબકાર

## અમે મંત્ર સાધક...
## અમે ચાખ્યો સિદ્ધિનો આસ્વાદ!

અમારી કાશ્મીર યાત્રા 13th April થી 25th April 2025 સુધીની હતી. As a look n learn didi અમારા જ્ઞાન વૃદ્ધિ માટે પરમ ગુરુદેવ તરફથી મને મંત્ર સાધના પ્રાપ્ત થયેલી. અમારી સાથે બીજી એક family પણ હતી. જ્યારે હું સાધના કરતી, ત્યારે તેઓ મજાક કરતાં, હસતાં પણ અર્પણ થયેલી સાધના ભાવપૂર્વક કરવી, એ મારું કર્તવ્ય અને સૌભાગ્ય છે.

સાધનાના સમયે ફરવા જવાનું છોડીને હું સાધના જ કરતી અને ક્યાંય બહાર પણ ગયા હોઈએ તો એક સ્થાનમાં બધાથી અલિપ્ત થઈને સાધના કરતી. આ tripમાં અમે એકવાર પહેલગામ જઈ આવ્યા હતા અને 22nd Aprilએ ફરીથી પહેલગામ જવાનું નક્કી કર્યું, કેમ કે ત્યાંનું કુદરતી સૌંદર્ય અદભૂત હતું.

પરતું તે દિવસે કરેલી મંત્ર સાધના પછી મારું મન પહેલગામ જવા માટે ના પડી રહ્યું હતું. મને વિચાર આવ્યો કે જો હું ના પાડીશ તો મારી સાથે જેટલા આવ્યા છે તેઓ ફરીથી મારી મજાક ઉડાવશે અને મને સાથે આવા કહેશે. પણ મંત્ર સાધના કર્યા બાદ હિંમત કરીને એકવાર કહી દીધું કે આપણે ફરી પહેલગામ જવાની બદલે return જઈએ અને આશ્ચર્યથી બધાએ એક જ વારમાં કહી દીધું કે હા આપણે return જઈએ. આ કારણે અમે એ પ્રવાસ રદ કરીને વહેલા જ પરત ફરવાનો નિર્ણય કર્યો. જેમ અમે દિલ્હી પહોંચ્યા, સમાચાર મળ્યા કે પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો. અનેક લોકોના જીવ ગયા હતા, અને શ્રીનગર airport બંધ થઈ ગયો હતો. એ સમાચાર સાંભળતાં શરીરે કંપારી થઈ ગઈ જો અમે ગયા હોત તો ? આપણા સાથે નાના બાળકો પણ હતા શું થાત ?

તે સમયે હૃદયથી અનુભવાયું - આ તો મંત્ર સાધનાની કૃપા હતી, જે ઢાલ બનીને અમારી રક્ષા કરી ગઈ ! જ્યારે ગુરુદેવે સાધના આપી, ત્યારે નાની લાગતી હતી. ક્યારેક તો પ્રમાદવશ સાધના ચૂકી પણ જતી.પણ એ દિવસ પછી સમજાયું- મંત્ર સાધના એ માત્ર નિયમ નથી, એ તો જીવનરક્ષક કવચ છે. હવે જો ક્યારેક સાધના ચૂકી જવાય, તો હૃદયમાં અફસોસ થાય છે, સાથે થોડી ભીતિ પણ લાગે છે.

**શ્રી હીમાદીદી ઉદાણી, રાજકોટ**

પરમ ગુરુદેવ દ્વારા અર્પિત Daily અને Weekly મંત્રસાધના મનમાં એક અનોખી દિવ્યતા અને શાંતિનો અનુભવ કરાવે છે. આ સાધના મનને આધ્યાત્મિક દિશામાં એકાગ્ર કરે છે, આત્મવિકાસ સાથે જીવનનો સાચો અર્થ અને ઉદ્દેશ્ય સમજાવે છે. સ્વાસ્થ્ય સારું રહે છે, મન પ્રફુલ્લિત રહે છે, જીવનમાં સંતુલન જળવાઈ રહે છે. પરંતુ જ્યારે કોઈ કારણસર સાધના રહી જાય ત્યારે હૃદયમાં એક ખાલીપણું, વ્યાકુળતા છવાઈ જાય છે જાણે મોટી ભૂલ થઈ ગઈ હોય.

એક સમય એવો હતો જ્યારે વ્યવસાય અને સંસારના દબાણ વચ્ચે મનમાં ભારે કંટાળો, તણાવ અને અશાંતિ આવી ગઈ. અવસ્થા એવી થઈ કે જાણે depression આવી ગયું હોય. તે સમયે પરમ ગુરુદેવના વચન સંજીવની બની ગયા, તમે નબળા નથી, તમને સબળ થવાની જ જરૂર છે. મંત્ર સાધના અને ભક્તિ કરતા રહો, તણાવમાં ન ફસાવો.

આ વચનો સાથે મનમાં એક નવી ઉર્જા જાગી. ત્યારે realize થયું કે મન શાંત રહેશે ત્યારે જ કાર્ય સફળ થશે. શરૂઆતમાં સાધના અને ધ્યાનથી મનને એકાગ્ર કરવા થોડો સમય લાગ્યો, પણ પરિણામ અદ્ભુત આવ્યું. એવી માનસિક શાંતિ પ્રાપ્ત થઈ કે જે શબ્દોમાં વર્ણવી ન શકાય. જે કામ અશક્ય લાગતું હતું, તે મંત્ર સાધનાથી strong બનેલું મનોબળ અને આત્મવિશ્વાસથી સહજ રીતે સિદ્ધ થયું. જ્યારે આપણે મનને મંત્ર સાધના દ્વારા એકાગ્ર કરીએ છીએ, ત્યારે આત્મવિશ્વાસ વધે છે, માનસિક શક્તિ પ્રબળ બને છે, કાર્ય સફળ થાય છે અને સફળતાની સીડીઓ એક પછી એક પસાર કરી શકીએ છીએ. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની મંત્રસાધના એ જીવનનું એવું શસ્ત્ર છે જે તણાવને વિલીન કરે છે. મનમાં શાંતિ જગાવે છે અને સફળતાનો દ્વાર ખોલે છે.

**શ્રી દુષ્યંતભાઈ દેસાઈ, મુંબઈ**

વડોદરામાં રહેલા મારા ભાઈ શ્રી ભરતભાઈની 17 વર્ષની દીકરી માનસી scooter પર જતી હતી. અચાનક તેનું scooter એક car સાથે અથડાયું.
અકસ્માત એટલો ગંભીર હતો કે માનસી car નીચે ઘસડાતી ગઈ લગભગ 12 થી 14 foot સુધી. સૌભાગ્યથી એ સમયે એક doctorની ગાડી ત્યાંથી pass થઈ. એ doctorએ તરત જ માનસીને Hospital પહોંચાડી.

માનસીના મગજમાં ગંભીર ઈજા થઈ હતી અને એ સંપૂર્ણ બેભાન હતી. Neuro surgeon Dr. જ્વલિત શેઠ અને Dr. વિરલ મહેતા બંને ચિંતામાં હતા, Operation સફળ થવાની શક્યતા નહિવત્ હતી, અને જો થાય તો પણ ભયંકર ખોટ થવાની શક્યતા હતી.

ત્યાં ભરતભાઈ અને ભાભીએ અડગ મનોબળથી કહ્યું, doctor, જે થાય તે, operation કરો. નહિ તો આખી જિંદગી અફસોસ રહી જશે. Operation થયું, પરંતુ દસ દિવસ સુધી માનસી ન તો આંખ ખોલતી, કે ન કોઈ પ્રતિભાવ આપતી. દસ દિવસ સુધી જીવતી લાશ જેવી અવસ્થામાં !

તે સમયે મને અચાનક યાદ આવ્યું, મે Mumbaiથી ભાઈને phone કર્યો: "ભાઈ ! હજી એક ઉપચાર અજમાવો. માનસી પાસે બેસીને શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપ કરો."ભાઈ-ભાભીને આશાની કિરણ મળી. એમણે ખૂબ ભાવપૂર્વક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સંભળાવવાનું શરૂ કર્યું.

હજી તો સ્તોત્ર પૂર્ણ થાય એ પહેલાં જ, માનસીના હાથની એક આંગળીમાં ક્ષણિક સળવળાટ થયો ! ભરતભાઈ બોલી ઉઠ્યા, બેટા, માનસી ! આંખો ખોલ બીજી વાર સ્તોત્ર સંભળાવ્યો અને દસ દિવસ પછી પ્રથમવાર માનસીની આંખો ખુલી ! આશાનો દીપક ફરી પ્રગટી ગયો.

Doctor વિસ્મયમાં જોઈ જ રહ્યા જ્યાં doctorની આશા તૂટી ગઈ હતી, ત્યાં સ્તોત્રએ શ્રદ્ધાનું કામ કર્યું. જ્યાં માનવીય સંશોધન નબળું પડ્યું, ત્યાં પરમાત્માની સ્તુતિ સબળ બની.

પછીથી તો માનસીના રૂમમાં સતત શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો નાદ ગુંજતો રહ્યો. અને થોડાં જ દિવસોમાં માનસી ઘરે પાછી આવી ગઈ સ્વસ્થ અને સંપૂર્ણ normal આજે માનસી એકદમ સ્વસ્થ છે.આ પ્રસંગે સાબિત કરી દીધું કે જ્યાં દવા ન કામ કરે, ત્યાં દિવ્ય સ્તુતિ જીવ બચાવે છે.

**શ્રી શિલ્પાબેન (મુંબઈ)**

જીવનના કેટલાંક પ્રસંગો જલ પ્રવાહમાં આલેખેલાં અક્ષરો જેવાં ક્ષણજીવી હોય છે, કેટલાંક પ્રસંગો પાટી પર લખાતાં અક્ષરો જેવા અલ્પજીવી હોય છે, તો કેટલાંક પ્રસંગો આરસ પર અંકિત થયેલાં અક્ષરો જેવા ચિરંજીવી હોય છે. અમારો આ પ્રસંગ પણ અમારા આત્મ આરસ પર અંકિત થઈ ગયો છે.

1998નું પરમ ગુરુદેવનું ચાતુર્માસ ગોંડલ રોડ વેસ્ટના ઉપાશ્રયમાં હતું. આ ચાતુર્માસ દરમ્યાન મિત્રો સાથેની ધર્મ ચર્ચામાં પરમ ગુરુદેવને જામનગરની hospitalમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સ્વયં સ્ફુરિત થતાં નવજીવનને પામ્યાં એ સત્ય હકીકત સાંભળી હતી અને ચાતુર્માસમાં ઘણીવાર જાપનું પણ આયોજન થતું હતું. સાંભળવામાં અને સ્વયં અનુભવવામાં બહુ મોટો ફરક હોય છે.

1998નો દિવાળીનો દિવસ, તે દિવસે એક ગુરુભક્તે પોતાની જાતે અત્યંત ભક્તિભાવથી બનાવેલી શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સુંદર frame પરમ ગુરુદેવને અર્પણ કરી. ગુરુકૃપાથી એ frame અમારા પરિવારને પ્રાપ્ત થઈ. આ દિવ્ય frameની રાજકોટની officeમાં સ્થાપના કરવા અમે મળીને બધાંએ સાથે carમાં frame રાખી .

ગાડી હજી તો અમારા Bhavesh Apartmentના parking areaમાં જ હતી. કોઈ કારણસર અમારે carની ડેકી ખોલવાની જરૂર પડી, જેવી ડેકી ખોલી, જોયું તો gasની નળી leakage હતી અને ચારે બાજુ ફટાકડાં ફૂટી રહ્યાં હતાં .અમારા મોઢામાંથી રાડ નીકળી ગઈ , Apartmentમાં રહેતાં બધાં ભેગા થઈ ગયાં , ઉપરવાળા galleryમાં આવી ગયાં. બધાં એકદમ હતપ્રભ થઈ ગયાં હતાં. હમણાં મોટો blast થશે અને Bhavesh Apartment રાખ થઈ જશે.

હજુ બધાં આગળની કોઈ કલ્પના કરે ત્યાં તો કોઈ પણ જાતની હાની વગર gas ખુલ્લી હવામાં ઓગળી ગયો. બધાંના ચહેરા પર બચી ગયાંનો હાશકારો આવી ગયો અને મારી નજર ગાડીમાં પડેલી શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની, પરમ ગુરુદેવના સ્વહસ્તે પ્રાપ્ત થયેલી frame પર ગઈ અને હાશનો અનુભવ થયો.

**શ્રી કિરીટભાઈ શેઠ**

# ઉવસગ્ગહરં પાસં,
# પાસં વંદામિ કમ્મઘણમુક્કં,
# વિસહર વિસ નિન્નાસં,
# મંગલ કલ્લાણ આવાસં... 1

**- પરમ ગુરુદેવના ભાવો**



## ઉવસગ્ગહરં પાસં - અસ્તિત્વનું ઊંડાણ

ગાથાનો પ્રથમ અક્ષર 'ઉ', શું છે ?

'ઉ' એક ઉકાર છે, ઉ જ્યારે સમગ્ર અસ્તિત્ત્વમાંથી ખેંચાઇને બહાર આવે છે, ત્યારે વ્યક્તિનું નાભિ ચક્ર, energy point ખૂલી જાય છે.

એક સાવ નાનકડું બાળક જ્યારે રડે છે, ત્યારે પહેલો અક્ષર શું હોય છે ? ઉ...વાં ! શા માટે ? એની પાછળ પણ વૈજ્ઞાનિક તથ્ય છે.

બાળક જ્યારે જન્મે છે ત્યારે સૌથી પ્રથમ તે ઉ...વાં કરીને રડે છે, એનો રડવાનો અવાજ સાંભળી માતાના ચહેરા પર પ્રસન્નતા આવી જાય છે, અને જો એ ન રડે તો બાળક માટે જોખમ બની જાય છે.

જ્યાં સુધી ઉકારાંત ન આવે, ત્યાં સુધી અંદરમાં રહેલાં નાભિના શક્તિ કેન્દ્ર ખૂલે નહીં, જ્યાં સુધી શક્તિ કેન્દ્ર ખૂલે નહીં, ત્યાં સુધી બાળકનો જીવ જોખમમાં રહે, એને કોઇ ખોડખાપણ રહી શકે અથવા મૃત્યુ થઇ શકે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો પ્રથમ અક્ષર 'ઉ' બોલતી વખતે જ્યારે સમસ્ત અસ્તિત્વ સાથે બોલાય છે, ત્યારે આત્મા સ્પંદિત થવા લાગે છે, અંદરથી અલગ પ્રકારના vibrations પ્રગટ થવા લાગે છે, દેહ કંપિત થવા લાગે છે ત્યારે તે અક્ષર, તે શબ્દ દિવ્ય શક્તિથી સમૃદ્ધ મંત્ર બની જાય છે.

જ્યારે અત્યંત ભાવથી, શ્રદ્ધાથી શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો 'ઉ' બોલાય છે ત્યારે શું થાય છે ?

જૈનદર્શન એવું માને છે કે શક્તિની બે દિશા હોય છે, એક ઊર્ધ્વગમનની દિશા અને એક અધોગમનની દિશા ! કોઇપણ વ્યક્તિ આખર તો energyનું power house હોય છે અને એના નાભિના સ્થાનથી એની energy પ્રગટ થતી હોય છે, એ શક્તિ જ્યારે પ્રગટ થાય ત્યારે તે ઊર્ધ્વગમન કરે છે અથવા અધોગમન કરે છે.

જ્યારે વ્યક્તિ ઉવસગ્ગહરનું ઉચ્ચારણ કરે છે, ત્યારે પ્રગટતી energyને ઊર્ધ્વગમન કરવાની એક દિશા પ્રાપ્ત થાય છે. જ્યારે શક્તિ ઊર્ધ્વગમન કરે ત્યારે તે મુખમાંથી નીકળતાં શબ્દોની સાથે ભળી જાય છે, એ સમયે જો હૃદયમાં ભક્તિના ભાવ અને પ્રભુ પ્રેમનો અહોભાવ હોય તો તે શબ્દો, મંત્ર બની જાય છે ત્યારે બોલાતા દરેક શબ્દો સ્તોત્ર બની જાય છે, શક્તિનું એક માધ્યમ બની જાય છે.

ઉવસગ્ગહરં અર્થાત્ ઉપસર્ગને હરવાવાળા !

**ઉપસર્ગ એટલે શું ?**

જેને લાવવામાં આવે તેને પરિષહ કહેવાય અને જે અચાનક આવી જાય તેને ઉપસર્ગ કહેવાય.

અચાનક accident થઇ જાય, ધરતીકંપ થાય, પૂર આવે, વીજળી પડે, અચાનક મરકી જેવા રોગો ફેલાય જાય, એવી કોઇ પણ તકલીફ જે આપણા હાથમાં ન હોય, એવી કોઇ પણ આપત્તિ જે આપણા controlમાં ન હોય તેને 'ઉપસર્ગ'કહેવાય છે.

**આહ્‌વાન એટલે શું ?**

તમારે ઘરે કોઇ પ્રસંગ હોય અને તમારે કોઇને બોલાવવા હોય તો તમે શું કહો ?

મારે એમને આમંત્રણ આપવું છે, મારે એમને બોલાવવા છે. વ્યક્તિને બોલાવવા માટે આમંત્રણ શબ્દ વપરાય એમ મહાશક્તિને પ્રગટ કરવા માટે જે શબ્દ વપરાય તેને 'આહ્‌વાન' કહેવાય.

જ્યાં સુધી દિવ્ય તત્ત્વોનો આહ્‌વાન ન અપાય, ત્યાં સુધી દિવ્ય શક્તિ પ્રગટ ન થાય, જ્યાં સુધી દિવ્ય શક્તિ પ્રગટ ન થાય, ત્યાં સુધી ગમે તેટલી વાર શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર બોલો, જે positive vibrations મળવા જોઇએ, જે divine powers મળવા જોઇએ, એ ન મળે !

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ...

આ શબ્દોમાં આહ્‌વાન કયાં આવે છે ? કયા અક્ષર દ્વારા આહ્‌વાન આપવામાં આવે છે ?

આ પ્રકારની સાધના ગુરુ આજ્ઞાથી જ કરાય, પણ આ જાણવું પણ જરૂરી છે.

તમે ક્યારેય સર્પનો, નાગનો અવાજ સાંભળ્યો છે ? એ કેવો હોય ?

નાગરાજના અવાજની જેમ, તમે જ્યારે શ્રી ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ બોલો, ત્યારે તમારી અંદરથી પણ એવો આહ્‌વાનનો ધ્વની બહાર નીકળવો જોઇએ.

એ નાદ... એ સાદના કારણે શું થાય ?

એ સાદના કારણે, એ સમયે જે શક્તિનું પ્રાગટ્ય કરવું હોય, તે શક્તિ પ્રગટ થવા લાગે.

**વંદામિ... વંદના સિદ્ધત્વની સ્પંદના !**

**વંદના શા માટે કરવાની ?**

પ્રભુ કે ગુરુ સમક્ષ નમવાનું, ઝૂકવાનું શા માટે ?

કોઈપણ કૂવામાંથી જ્યારે પાણી ભરવું હોય તો પહેલાં bucketને અંદર નાંખવી પડે, bucket જ્યાં સુધી અંદર નમે નહીં, વળે નહીં, ત્યાં સુધી તેમાં પાણી ભરાય નહીં અને પાણી તમને મળે નહીં.

એવી જ રીતે જ્યાં સુધી મસ્તકમાં રહેલા અવગુણો, માન્યતાઓ, અશાંતિઓ પ્રભુના ચરણમાં ખાલી ન થાય, સોંપાય નહીં, ત્યાં સુધી પ્રભુના આત્મગુણોનો, જ્ઞાનગુણનો વૈભવ મળે કેવી રીતે ?

**પોતાના અસ્તિત્વમાં**
**જેટલું ભરાયેલું છે,**
**તે ખાલી કરી,**
**પ્રભુના અસ્તિત્વમાં જે છે**
**તેને ભરવું,**
**એ છે વંદનાના ભાવ !**

જ્યારે આવા આત્મિકભાવ સાથે પ્રભુવંદના થાય ત્યારે સમજવું તમારી અને પ્રભુની વચ્ચે બહુ અંતર નથી.

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ...

આ 'વંદામિ' ના ઉચ્ચારણ વખતે વંદનાના આવા ઉત્તમ આત્મભાવ પ્રગટ થાય તો ઉવસગ્ગહર સ્તોત્રનો પ્રભાવ અનુભવાય.

## કમ્મઘણમુક્કં:
## દુ:ખના કારણને દૂર કરે

કમ્મઘણમુક્કં અર્થાત્ જેઓ કર્મોના સમૂહથી મુક્ત થઈ ગયાં છે, એવા શ્રી પાર્શ્વનાથ પરમાત્મા !

આ જગતમાં જેટલાં પણ જીવો છે, તે સર્વ જીવો જે કાંઈપણ સુખ-દુ:ખ પ્રાપ્ત કરી રહ્યાં છે. તેના કારણમાં કોઈ અન્ય હોય કે તે સ્વયં હોય ?

મારા સુખ દુ:ખનું કારણ સ્વયંના કર્મો જ હોય તો મારે attack અન્ય વ્યક્તિ પર કરવો જોઈએ કે મારા કર્મો પર કરવો જોઈએ ? મારે જો મારા સુખનું કારણ શોધવું હોય, મારા દુ:ખનું નિવારણ કરવું હોય તો મારે મારા કર્મોનો ક્ષય કરવો પડશે.

માટે જ, પરમાત્માએ જે સમયે સાધના કરવાનો નિર્ણય કર્યો ત્યારે નક્કી કર્યું, મારે મારા સકળ કર્મોને ક્ષય કરવા છે. જો કર્મો જ નહીં હોય તો સુખ-દુ:ખ નહીં હોય.

દુ:ખને દૂર કરવાનો પ્રયત્ન કરે તે અજ્ઞાની હોય અને દુ:ખના કારણને દૂર કરવાનો પુરુષાર્થ કરે તે સાધક હોય. સાધક એમ ન વિચારે કે આ વ્યક્તિ મને દુ:ખ આપે છે, તે એના ઊંડાણમાં જાય. તે સંશોધન કરે કે, તે વ્યક્તિ મને શા માટે દુ:ખ આપે છે ? શું એ એનો સ્વભાવ છે કે તે મારા કર્મોની અસર છે ? મારા દુ:ખનું કારણ શું છે ?

પણ મોટાભાગની વ્યક્તિઓ દુ:ખને દૂર કરવામાં જ સમય વ્યર્થ કરતાં હોય છે.

સ્તોત્રનું ઉચ્ચારણ કરતા સમયે એને શીખવવું ન પડે, પણ જેને પરમાત્મા પ્રત્યે પ્રેમ થાય છે એના ભાવ સંવેદન એટલા ઉત્કૃષ્ટ થઇ જાય છે કે, એને પોતાના ભાવોની અભિવ્યક્તિ માટે શબ્દોનું સંયોજન કરવું ન પડે, થઇ જાય !

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના સ્મરણ વખતે સહારો ભલે સ્તોત્રના શબ્દોનો હોય પણ ભાવ સંવેદના તો સ્વયંની જ હોય.

જ્યારે એક આત્મા, પરમાત્મા પ્રત્યેની ભક્તિના ભાવમાં આવે છે ત્યારે શબ્દો હોય છે, 'કમ્મઘણમુક્કં', અને ભાવ હોય છે, હે પરમાત્મા !

આપ તો કર્મોથી મુક્ત થઇ ગયા છો અને હું એકદમ ગાઢ કર્મોથી યુક્ત છું.

હે પ્રભુ ! આપની મુક્તિને જોઇને, મને પણ મુક્ત થવું છે, પ્રભુ ! મને એવી કોઇ યુક્તિ બતાવો જેથી હું આપના ચરણ-શરણમાં સમર્પિત થઇને, આપના ચરણની દિશામાં, આપના જેવું આચરણ કરતાં-કરતાં આગળને આગળ વધતો રહું !

## વિસહર વિસ નિન્નાસં...
### દ્વેષ વિષ જે હરે

વિસહર વિસ નિન્નાસં...

હે પરમાત્મા ! આપ અમારા વિષને દૂર કરવાવાળા છો. શું આપણામાં વિષ છે ? હા, ભલે આપણામાં દ્રવ્ય વિષ નથી પણ ભાવ વિષ તો અવશ્ય પડેલું જ છે. આપણામાં દ્વેષ, negativityનું, કુસંસ્કારનું,અવગુણોનું ઝેર છે અને ખાસ વાત તો એ છે કે દુનિયાના કોઇપણ જીવમાં ઝેર હોય, તો તેનું તે ઝેર અન્યને મારનારું હોય છે, જ્યારે આપણું ઝેર આપણને જ મારે છે. આપણો દ્વેષ, ક્રોધ,negativity બીજાને કદાચ દુ:ખી કરે કે ન કરે પણ આપણને સૌથી વધારે દુ:ખી કરે છે.

વિસહર વિસ નિન્નાસં...

આ પદમાં બે વાર વિસ શબ્દનો પ્રયોગ દ્વારા સમજાય છે કે, દ્રવ્યથી કોઇને કોઇનું ઝેર ચડ્યું હોય તો પણ આ સ્તોત્રનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ અને સાધના દ્વારા આત્મસાત કરેલ સાધક દ્વારા તે ઉતરી જાય છે અને ભાવથી... આપણી અંદરમાં જેટલી પણ દ્વેષ અને અવગુણોની ઝેરીલી વૃત્તિઓ પડી છે, તે પણ ભાવથી પરમાત્માની આ સ્તુતિ કરવાથી દૂર થઇ જાય છે.

## મંગલ કલ્લાણ આવાસં...
### મંગલ : સ્તોત્રની શક્તિ સાથેનું connection

આ મંગલ શું છે ? મંગલ એટલે મંગલ, સારું, શુભ થવું ? આ બધાંથી વિશેષ મંગલ એટલે જ્યાં મારો મમકાર (અહંકાર), જ્યાં મારું અસ્તિત્વ ઓગળી જાય ! જ્યાં હું, મને, મારું નથી રહેતુ અને હું પરમાત્માનો બની જાઉં છું, પરમાત્માથી એકમેક થઇ જાઉં છું, અવિભક્ત થઇ જાઉં છું.

જેમ નદી ગમે તેટલો કચરો લઇને સાગરમાં ભળી હોય, સાગર એ બધાં જ કચરાને લહેર દ્વારા કિનારે ફેંકી દે છે. એમ પ્રભુ ! મને વિશ્વાસ છે કે, હું ગમે તેટલાં દોષો, ગમે તેટલાં અવગુણો, ગમે તેટલાં problems લઇને તારી પાસે આવીશ, તારામાં ભળી જઇશ એટલે મારાં એ બધાં જ દોષો, અવગુણો અને problems દૂર થઇ જ જવાના છે.

મંગલ એટલે શુદ્ધ થવું.

નદી જ્યારે દરિયામાં ભળી જાય છે, પોતાના મિઠાસના અસ્તિત્વને ભૂલી જાય છે, ત્યારે automatic દરિયાની વિશાળતા, દરિયાની દરેક લહેરો, દરિયામાં રહેલાં રત્નો, દરિયામાં તરતા મહાકાય જહાજો, બધું જ એને મળી જાય ને !

એમ એક આત્મા જ્યારે પરમાત્મામાં ભળે છે ત્યારે પરમાત્માની સર્વ શક્તિઓ એ આત્માને પ્રાપ્ત થવા લાગે છે.

'મંગલ' એટલે પરમાત્મામાં ભળીને, પરમાત્માની દિવ્ય શક્તિઓ સાથે connection કરવું !

'આવાસં' આ એક બહુ મહત્વનો શબ્દ છે.

પરમાત્મામાં ભળ્યાં, પરમાત્માની દિવ્ય શક્તિ સાથે connection પણ થઇ ગયું, આત્મશુદ્ધિકરણની process પણ શરૂ થઇ ગઇ, પણ હવે જો એ દિવ્ય શક્તિ ચાલી જાય તો ?

સિદ્ધિ લાવવી તો સહેલી છે,

પણ સિદ્ધિને ટકાવવી બહુ અઘરી છે.

આખી electric system set થઇ જાય, 10 મિનિટ સુધી બધું proper ચાલે અને પછી અચાનક fuse ઊડી જાય તો ? ?

Fuse ઊડી ન જાય, દિવ્ય શક્તિ ચાલી ન જાય તે માટે છે 'આવાસં' ના શુભ ભાવો !

હે પરમાત્મન ! આપની સાથેનું મારું connection ક્યાંય break ન થાય, ક્યાંય disconnect ન થઇ જાય, તે માટે હે પ્રભુ ! આપ મારા હૃદય સિંહાસન પર બિરાજમાન થાઓ, સ્થિર થાઓ !

હે પ્રભુ ! મારા હૃદયમાં આપનો વાસ કરો, મારા હૃદય આવાસમાં સ્થિરતા કરો !

**ખાણમાંથી કાઢેલાં હીરા પર જેમ-જેમ ઘસવાની process થતી જાય, જેમ-જેમ તેના પર પહેલ પાડવામાં આવે, તેમ-તેમ તેનું તેજ વધુ ને વધુ નિખરવા લાગે અને તેનું મૂલ્ય પણ વધવા લાગે. એવી જ રીતે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો જેમ-જેમ લાખો અને કરોડો જાપ થાય ત્યારે સ્તોત્ર સિદ્ધ થઇ જાય અને સ્મરણ કરનાર સાધક, સ્તોત્રના સિદ્ધ સાધક બની જાય છે.**



# વિંસહર ફુલ્લિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ, તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરાજંતિં ઉવસામં... 2

**- પરમ ગુરુદેવના ભાવો**

## વિસહર ફુલ્લિંગમંત - મહાશક્તિનો ધોધ

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની અલગ-અલગ ગાથામાંથી અલગ-અલગ જગ્યાએથી અલગ-અલગ અક્ષરો લઇને આ એક શબ્દનું વિશિષ્ટ પ્રકારે સંયોજન કરવામાં આવ્યું છે, જેના કારણે આ શબ્દ વિશિષ્ટ શક્તિનો ધારક છે.

જેમ laboratoryમાં 5 અલગ-અલગ ગુણવત્તા ધરાવતાં અલગ-અલગ chemicalનું યથા પ્રકારે મિશ્રણ કરવામાં આવે તો જે નવા chemicalનું સર્જન થાય એની ગુણવત્તા અને એની શક્તિ પણ કંઇક અલગ અને વિશિષ્ટ હોય. એવી જ રીતે અલગ-અલગ અક્ષરોના વિશિષ્ટ સંયોજનથી સર્જાયેલો શબ્દ 'વિસહર ફુલ્લિંગમંત' મહાશક્તિનો ધોધ છે.

'વિસહર ફુલ્લિંગમંત' શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની અંદર સમાયેલો મંત્ર નહીં મંત્રાધિરાજ છે!

આપણને ભગવાને આવી શ્રેષ્ઠ અને અદ્ભૂત દિવ્ય શક્તિની અનુપમ ભેટ આપી છે. પણ આપણે એનો કેટલો ઉપયોગ કરીએ છીએ ?

જો આ દિવ્યશક્તિનો ઉપયોગ કરતાં શીખી જઇએ તો દુ:ખ, દર્દ, વેદના, સંકટ, વિપત્તિ, સમસ્યા, અશાંતિ, ઉપસર્ગ, ઉપશાંત થવા લાગે.

## કંઠે ધારેઇ જો સયા મણુઓ
## ભક્તિની નિરંતરતા

જે હૃદયમાં પરમાત્માની ભક્તિ નિરંતર બને છે, જે આત્મામાં પરમાત્માની ભક્તિ સ્થિર થાય છે, તે આત્માને સિદ્ધ થતાં વાર નથી લાગતી.

વિચાર કરો, તમારી આસપાસમાં જેટલાં જીવ જંતુઓ છે, પશુ-પક્ષીઓ છે, શું એમને પરમાત્માની ભક્તિ કરવાના ભાવ થાય ? તેઓ પ્રભુની ભક્તિ કરી શકે ? તેમને ભક્તિ વિશે સમજાવી શકાય ? ના !

તમે કેવા સદ્ભાગી છો ? તમારા અનંતા પુણ્યોની રાશિ ફળી છે એટલે તમને અત્યારે પરમાત્માની ભક્તિ કરવાના ભાવ થાય છે, તમે પરમાત્માની ભક્તિ કરી શકો, એવા સંયોગો પ્રાપ્ત થાય છે, પણ ખોટ એ છે કે તમારી ભક્તિમાં નિરંતરતા નથી. જ્યાં સુધી ધર્મ સ્થાનકમાં છો, ગુરુના સાંનિધ્યમાં છો, ત્યાં સુધી ભક્તિના ભાવોમાં ભિંજાયેલા રહો છો અને જેવા બહાર નીકળો, જેવો માહોલ બદલાય એટલે તમારા ભાવો પણ બદલાય જાય. **સંસારનો તડકો પડે અને ભક્તિની ભિનાશ સૂકાય જાય.**

તમારી ભક્તિમાં નિરંતરતા કેમ નથી આવતી ?

ભક્તિમાં સ્થિરતા અને નિરંતરતા ન આવવાનું કારણ છે ભક્તિ માટે જરૂરી બધા જ તત્ત્વો તમને મળી ગયા છે.

તમારી પાસે પરમાત્માની આકૃતિના દર્શન કરી શકો એવી આંખો છે. પરમાત્માની ભક્તિ કરી શકો એવું મન અને ઋજુ હૃદય છે, પરમાત્મા પાસે પહોંચી શકો એવા પગ છે અને પરમાત્માની કિર્તના કરી શકો એવી સર્વાંગ કાયા છે. તમારી

પાસે બધું જ હોવા છતાં તમે નિરંતર ભક્તિ કરી શકતાં નથી.

કેમ ? કેમ કે, તમારી પાસે બધું છે એટલે પ્રાપ્તિની ઝંખના કે પ્રાપ્તિની તડપ નથી.

માટે જ પરમાત્મા કહે છે, કંઠે ધારેઇ જો સયા મણુઓ... સયા એટલે સતત, નિરંતર !

હે વત્સ્ ! તું આ ફુલ્લિંગ મંત્રને કંઠમાં ધારણ કરી લે, અર્થાત એને તારું સાતત્ય બનાવી દે. સિદ્ધિ તારી સમીપ આવી જશે.

જેમણે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની આરાધના કરવી હોય તેમણે પોતાના હૃદયમાં પ્રભુભક્તિને નિરંતર કરવી પડે છે.

**જ્યાં સુધી પરમાત્મા માટેના ભક્તિના ભાવ નિરંતર બનતાં નથી, ત્યાં સુધી તમારા અને પરમાત્મા વચ્ચેનું અંતર ઘટતું નથી.**

જ્યારે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના પરમ ઉપાસક એવા ગુરુ દ્વારા પાત્રવાન આત્માને ફુલ્લિંગ મંત્ર આપવામાં આવે છે ત્યારે એ આત્મા, એની અહોભાવપૂર્વકની નિરંતર ભક્તિ દ્વારા એ મંત્રને સિદ્ધ કરે છે, એ મંત્રને સતત અને સતત એની સ્મૃતિમાં સ્થિર કરે છે, એ મંત્રના સાતત્ય દ્વારા આત્મસાત્ કરે છે.

## તસ્સ ગહ રોગ મારી
### ઉપદ્રવની ઉપશાંતતા

જે શ્રદ્ધાવંત વ્યક્તિ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની ભાવપૂર્વક સાધના-ઉપાસના કરે છે, જે સાધક સાતત્ય સાથે ફુલ્લિંગ મંત્રની આરાધના કરે છે, તેના પર થતી ગ્રહોની અસર શાંત થઇ જાય છે, તેના રોગો દૂર થઇ જાય છે અને મારી એટલે કે મરકીનો ઉપદ્રવ શાંત થવા લાગે છે.

ગહ એટલે કે ગ્રહો !

શું આપણાથી જોજનો દૂર આવેલા ગ્રહો-રાહુ, કેતુ, શનિ કે મંગળ કયારેય આપણને નડે ? આપણું કાંઇ નુકશાન કરી શકે ? ના !

**તો પછી અહીંયા ગ્રહોની વાત શા માટે કરવામાં આવી છે ?**

ગ્રહ બે પ્રકારના હોય છે. જેમાંથી એક પ્રકારના ગ્રહ જે આકાશમાં હોય તે. તેમાંથી negative અને positive vibrations પસાર થાય છે અને એ vibrationની અસર આપણા મન ઉપર થાય છે આપણા શરીર ઉપર થાય છે અને આપણા ભાવો ઉપર થાય છે જેના કારણે અજ્ઞાની વ્યક્તિઓ એમ માની લે છે કે તે ગ્રહ તેમને નડે છે. બીજા પ્રકારનો ગ્રહ છે, જે દરેક વ્યક્તિની અંદરમાં હોય પણ તેને દેખાતો ન હોય કારણ કે તે અદશ્ય દોષ હોય અને તે છે હઠાગ્રહ, પૂર્વાગ્રહ, વસ્તુ અને વ્યક્તિ પ્રત્યેનો આગ્રહ આદિ ગ્રહો...

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું સ્મરણથી, જીવ પર બંને પ્રકારના ગ્રહોની થતી અસર શાંત થઈ જાય છે, મહારોગો અને મરકી જેવી બિમારીઓ શાંત-ઉપશાંત થઈ જાય છે.

## દુક્ક જરાજંતિ ઉવસામં
### દુ:ખની અનુભૂતિનો નાશ

જે વ્યક્તિ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના અજપા જાપ કરે છે, અર્થાત સતત તેનું સ્મરણ કરે છે. તેના દુષ્ટ પરિણામો શાંત થઈ જાય છે, તેને અકાળે ઘડપણ આવતું નથી.

**ઉવસામં એટલે શું ?**

ઉવસામં એટલે શાંત-ઉપશાંત થવું, ઉવસામં એટલે કોઇપણ જાતના દુ:ખ, દર્દ, રોગ, વેદના, પીડા, તકલીફ આદિની અનુભૂતિ ન થવી.

ઘણા લોકોની માન્યતા છે કે ઉવસામં એટલે શાંત થઇ જવું, ઉપશમન્ થઇ જવું અર્થાત બધાનું શમન થઇ જવું પણ આ વ્યાખ્યા બરાબર નથી.

ડહોળું પાણી હોય એને થોડીવાર એમનેમ રહેવા દો તો શું થાય ? કચરો બધો નીચે બેસી જાય અને પાણી ઉપરથી એકદમ ચોખ્ખું લાગે. આને કહેવાય શમન થઇ જવું. પણ ખરેખર શું થયું છે ? તે સમય પૂરતો કચરો નીચે બેસી ગયો છે. હવે જો કોઇ વ્યક્તિ એ પાણીને હલાવશે તો પાણી પાછું ડહોળું થઇ જશે.

એટલે ઉવસામંની વ્યાખ્યા શું થઇ ?

તે સમય પૂરતી, તે પરિસ્થિતિમાં કોઇપણ જાતના દુ:ખ-દર્દ કે રોગ આદિની અનુભૂતિ ન થવી. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના એક-એક શબ્દોમાં અનેક અર્થ અને અનેક રહસ્યો છૂપાયેલાં છે.

જેમ-જેમ તમે એ અર્થ અને રહસ્યોને સમજતાં જશો, એના ઊંડાણમાં જતાં જશો તેમ-તેમ તમારી સમજણ clear થતી જશે.

**જેવી સમજણ હશે, એવા ભાવ હશે.**
**જેવા ભાવ હશે, એવી સિદ્ધિ હશે.**

**મંત્ર**
**મનને શુદ્ધ કરવાની**
**process છે.**

# ચિટ્ઠઉ દૂરે મંતો,
# તુજ્ઝ પણામોવિ બહુ ફલો હોઈ,
# નર તિરિયેસુ વિ જીવા,
# પાવંતિ ન દુક્ખ દોગચ્ચં... ૩

**- પરમ ગુરુદેવના ભાવો**

## ચિટ્ઠઉ દૂરે મંતો: ક્ષમતા - અક્ષમતા

હે પ્રભુ ! શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું સ્મરણ અને સાધના તો શ્રેષ્ઠ જ છે. વિસહર ફુલ્લિંગ મંત્ર પણ ઉત્તમ કક્ષાનો છે.

પ્રભુ ! મારાથી શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું સ્મરણ અને સાધના થાય કે ન થાય, વિસહર ફુલ્લિંગ મંત્રની આરાધના કરવાની ક્ષમતા ભલે મારામાં ન હોય, અરે ! આ સ્તુતિનું શુદ્ધ ઉચ્ચારણ પણ કદાચ મારાથી ન થાય તો પણ મને વિશ્વાસ છે કે, તને કરેલાં પ્રણામ પણ મારા માટે ફળદાયી બની જાય છે.

હું જ્યારે પ્રણામના ભાવ સાથે આપનામાં ભળી જાઉં છું, ત્યારે મને એવું feel થાય છે કે, જાણે મારા સકળ કાર્યો સિદ્ધ થવા લાગ્યાં છે, મારી ચિંતાઓ દૂર થવા લાગી છે, મારું મન શાંત થવા લાગ્યું છે.

## તુજ્ઝ પણામોવિ બહુ ફલો હોઇ: પ્રણામની પરિણીતી

હે ભગવાન ! હું આપને વંદન કરું છું.

વંદન કેવી રીતે થાય ?

જ્યારે પોતાના પ્રિય પરમાત્મા કે ગુરુ માટે અંદરથી સમર્પણતા પ્રગટ થાય, જે પ્રેમભાવ આવે અને તે પ્રેમમાં જ્યારે અસ્તિત્વ ઢળવા લાગે, તે પ્રેમમાં પાંપણ ઝૂકવા લાગે, મસ્તક નમવા લાગે અને તે શરણને ગ્રહણ કરવાના આત્મભાવ ઉત્કૃષ્ટ થવા લાગે તેને વંદના કહેવાય.

તમે check કરો, તમે કેવી વંદના કરો છો ?

વંદના ક્યારેય માત્ર ક્રિયા કે યંત્રવત્ ન હોય. વંદનાની પહેલાં પ્રણામ થાય, નમન થાય અને પછી વંદના થાય.

પ્રણામમાં પહેલાં પાંપણ ઝૂકે. પાંપણનું ઝૂકવું એટલે અહમ્‌નું ઝૂકવું. નમનમાં મસ્તક



ઝૂકે, મસ્તકનું ઝૂકવું એટલે સર્વ પ્રકારની માન્યાતાઓથી શૂન્ય થવું.

વંદનમાં સમસ્ત અસ્તિત્ત્વ ઝૂકે. અસ્તિત્વનું ઝૂકવું એટલે અનાદિકાળની વૃત્તિઓને પ્રભુ કે ગુરુના ચરણે અર્પણ કરવી.

પ્રભુને પ્રણામ કરવા માત્રથી મહાફળ મળે, એવું કેમ હોય ? બે હાથ જોડાય, શરીર થોડું વળી જાય,મસ્તક ઝૂકી જાય એટલાં માત્રથી આત્માને શું લાભ થાય ?

**પ્રણામનો ભાવ શું હોય ?**

જ્યારે પરમાત્મા તમને ગમી જાય છે, પરમાત્માના ગુણો તમને રૂચિ જાય છે, પરમાત્મા પ્રત્યે અંતરમાંથી અત્યંત અહોભાવ પ્રગટવા લાગે છે ત્યારે તમારી પાંપણ ઢળવા લાગે છે, જાણે પરમાત્માનું એ સ્મિત, પરમાત્માના નેહ નીતરતાં નયનો, પરમાત્માની એ સૌમ્યતાને

સ્વયંમાં સમાવી દેવા ઉત્સુક બન્યા હો, જાણે તમારા અસ્તિત્વને એ દિવ્યાકૃતિમાં સમાવી દેવા ઉત્સાહિત બન્યા હો !

જ્યારે આવા ઉત્કૃષ્ટ ભાવો સાથે પાંપણ ઢળે છે, ત્યારે યથાર્થ પ્રણામના ભાવ પ્રગટ થાય છે અને એ ભાવ જ આત્મા માટે મહાફળદાયી બને છે.

**પ્રણામ લાભદાયી કેવી રીતે બને છે ?**

એકવાર જ્યારે ભાવપૂર્વકના પ્રણામ થાય છે ત્યારે અનંતા નીચ ગોત્ર કર્મોનો ક્ષય થઇ જાય છે. જેના નીચ ગોત્ર કર્મો ખપી ગયા હોય તે વ્યક્તિ જ્યાં જાય ત્યાં તેને માન-સન્માન મળવા લાગે, તેનો પડ્યો બોલ સામેવાળા ઝીલી લે. એ જે ઇચ્છે એવું જ આસપાસમાં વાતાવરણ સર્જાવા લાગે. એમની સમસ્યાઓનું સમાધાન થવા લાગે અને તે વ્યક્તિ બધાંની પ્રીતિ પાત્ર બની જાય.

## નર તિરિયેસુ વિ જીવા
## નર-તિર્યંચ કરે પ્રભુભક્તિ

નર એટલે મનુષ્ય ગતિના જીવો અને તિરિયેસુ એટલે તિર્યંચ ગતિના જીવો અર્થાત પશુઓ-પક્ષીઓ અને જળચરના જીવો !

કોઇ ગાયને શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર આવડતો હોય ? કોઇ બકરી નમો અરિહંતાણં બોલતી હોય ? કયારેય સાંભળ્યું છે કે monkey અને માછલીઓ સામાયિક કરે ? તિર્યંચના જીવો કયારેય પ્રભુની ભક્તિ કરી શકે ?

હા, જૈનદર્શનના ઉપદેશ ગ્રંથોમાં એક ગ્રંથનું નામ છે શ્રી અનુયોગ દ્વાર સૂત્ર એમાં ત્રિકાળજ્ઞાની તીર્થંકર પરમાત્માએ બતાવ્યું છે કે, દુનિયામાં જેટલાં મનુષ્યો છે, એના કરતાં અનેક ગણા વધારે તિર્યંચો સામાયિક-પ્રતિક્રમણ કરતાં હોય, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં હોય, પરમાત્માની ભક્તિ અને સ્તુતિ કરતાં હોય. તિર્યંચ ગતિના પંચેન્દ્રિય જીવો જેમની પાસે મન છે, એવા અબજો જીવો પરમાત્માનું સ્મરણ અને સ્તુતિ કરતાં હોય.

વિચાર કરો, એ તિર્યંચના જીવો પણ કેટલાં સદ્દભાગી કહેવાય, જે આ ગતિમાં પણ પોતાના પરમાત્માનું સ્મરણ કરે છે, પરમાત્માની ભક્તિ કરે છે અને મનુષ્ય ગતિના એવા કેટલાંય જીવો છે, જેમને પરમાત્માનો, ગુરુનો સંયોગ થયો હોય, ધર્મ સાધના કરી શકે એવા શ્રેષ્ઠ સંયોગો મળ્યાં હોય, પરમાત્માની ભક્તિ કરી શકે એવા ઉત્તમ સંયોગો મળ્યાં હોય અને છતાં એ આત્મા, એ સંયોગોનો ઉપયોગ ન કરતાં હોય, અને તિર્યંચના જીવો પસ્તાવો કરતાં-કરતાં પોતાની વેદનાને મનોમન વ્યક્ત કરતાં હોય કે,

હે ભગવાન ! જ્યારે મારા goodluck હતાં, ત્યારે આપની સ્તુતિ અને ભક્તિ ન કર્યાં, ત્યારે ગુરુની કૃપા પ્રાપ્ત કરવાના કોઇ પ્રયત્ન ન કર્યાં એટલે જ કદાચ આ ગતિમાં આવવું પડ્યું હશે ! હે ભગવાન કયારે એવો અપૂર્વ અવસર આવે અને હું આપને ભાવપૂર્વક પ્રણામ કરી શકું ?

## પાવંતિ ન દુકખ્ દોગચ્ચં
## પ્રભુભક્તિથી સદ્ગતિ

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના કરતી વખતે આંખોને પ્રણામ મુદ્રામાં રાખવાની છે. પ્રણામ મુદ્રા એટલે પાંપણ ઢળેલી હોય અને આંખો ન બંધ હોય, ન ખુલ્લી હોય, અર્ધ ખુલ્લી હોય. પ્રણામની આ મુદ્રા મનને શાંત કરે છે, મનના ભારને હળવો કરે છે.

તમે પ્રણામ મુદ્રામાં જેમ-જેમ પરમાત્માને અનુભવશો તેમ-તેમ તમારી અંદરમાં એક પ્રકારની પ્રસન્નતા આવવા લાગશે, એક પ્રકારના આનંદની અનુભૂતિ થવા લાગશે.

પરમાત્માને કરેલાં પ્રણામ, એ માત્ર પ્રણામ નથી હોતા, પ્રણામ જ્યારે અહોભાવથી થાય છે ત્યારે આત્મા અને પરમાત્મા વચ્ચે એક connection થઇ જાય છે. એક એવા સૂક્ષ્મ તારનું જોડાણ થઇ જાય છે, જેના દ્વારા તમારા સ્પંદનો, તમારી ભાવ સંવેદના પરમાત્મા સુધી પહોંચી જાય છે.

જ્યારે પોતાનામાં પરમાત્માને સમાવી લેવાની અને પરમાત્મામાં સમાય જવાની અનુભૂતિ થાય ત્યારે ઐક્યતા સર્જાય, એકરૂપતા સર્જાય અને એકમેકતા સર્જાય. જ્યારે તમારો આત્મા આ પ્રકારે પરમાત્મામય બની જાય ત્યારે પરમાત્માના ગુણો તમારામાં આવ્યા વિના રહે જ નહીં, પરમાત્માના અંશો આવ્યા વિના રહે જ નહીં. જેનામાં પરમાત્માના ગુણો અને પરમાત્માના અંશો હોય એને કોઇ દુ:ખ હોય ? એ જીવ કયારેય દુર્ગતિમાં જાય ? એને કોઇ તકલીફ આવે ખરી ? કદાચ કર્મોના ઉદયે આવી પણ જાય તો તેને તે તકલીફ, તકલીફ લાગે નહીં. આ જ હોય છે પરમાત્માને પ્રણામ કરવાનું મહાફળ !

મનુષ્ય ભવ મળ્યાં પછી પણ જો વ્યક્તિને ભગવાન તરફ જવાનું મન ન થાય તો તેના માટે મનુષ્યભવ પણ દુર્ગતિ સમાન જ કહેવાય અને તિર્યંચ બન્યાં પછી પણ જો એ જીવ ભગવાનની ભક્તિ કરતાં હોય તો તેના માટે તે સુગતિ કહેવાય.

**પરમાત્માનું સ્મરણ અને પરમાત્માનું શરણ મળે એ સદ્ગતિ અને પરમાત્માનું સ્મરણ અને શરણ ન મળે તે દુર્ગતિ !**

# તુહ સમ્મત્તે લદ્ધે,
# ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ,
# પાવંતિ અવિગ્ઘેણં,
# જીવા અયરામરં ઠાણં... 4

**- પરમ ગુરુદેવના ભાવો**



## તુહ સમ્મતે લદ્ધે
### શ્રદ્ધાથી સિદ્ધિ

પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરવાથી વ્યક્તિને શેની પ્રાપ્તિ થાય છે ?

અતૂટ શ્રદ્ધાથી જે પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરે છે, તેને સમક્તિની પ્રાપ્તિ થાય છે. જેમ-જેમ શ્રદ્ધા અને ભક્તિ વધતાં જાય, તેમ-તેમ શક્તિ, મહાશક્તિ બનતી જાય.

દહીંને જેમ-જેમ વલોવતાં જઇએ, તેમ-તેમ નવનીત બહાર આવતું જાય, તેમ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું સ્મરણ અને જાપ જેમ-જેમ વધતાં જાય તેમ-તેમ મહાશક્તિ પ્રગટ થતી જાય. જેમ-જેમ પરમાત્માની ભક્તિના સ્પંદનો, એના વલયો તમારી આસપાસ વધવા લાગે છે, તેમ-તેમ તમારી black, grey આદિ અશુભ લેશ્યા શુભ લેશ્યામાં convert થવા લાગશે.

તમારી અશુભ ઓરાઓ, તમારી અશુભ લેશ્યાઓ તૂટવાથી શું થાય ?

અશુભ લેશ્યાઓ દૂર થાય એટલે એની સાથે-સાથે અશુભ કર્મોના આવરણો પણ તૂટવા લાગે, દૂર થવા લાગે.

લેશ્યા એ છે જે આત્મા અને કર્મોને જોડી રાખે છે. જેવા અશુભ કર્મો દૂર થાય, એટલે automatically શુભ કર્મોનો ઉદય થવા લાગે.

જેમ-જેમ આત્મામાં વિનયભાવ, પરમાત્મા પ્રત્યે બહુમાન, આંતરિક સમર્પણતા અને નિ:સ્વાર્થ સમર્પણતા વધવા લાગે, તેમ-તેમ અશુભતાઓ, મિથ્યા વૃત્તિ અને મિથ્યા પરિણીતિઓ દૂર થવા લાગે છે.

એકવાર જ્યારે અંતર આત્મામાં ભક્તિ જાગે છે, પરમાત્મા પ્રત્યે અતૂટ શ્રદ્ધા જાગે છે, ત્યારે વ્યક્તિ કયારે અને કેવી રીતે બદલાય જાય છે, એની એને પણ ખબર પડતી નથી. એના આત્મ અવગુણો કેવી રીતે ધોવાય જાય છે, એની એને પણ ખબર પડતી નથી.

## ચિંતામણી કપ્પપાયવબ્ભ હિએ
### અમૂલ્યથી પણ અમૂલ્ય

પરમાત્માની ભક્તિ કરતાં-કરતાં વ્યક્તિને જે પ્રાપ્ત થાય છે તેની સામે રત્ન ચિંતામણીનું પણ કાંઇ મૂલ્ય નથી.

રત્ન ચિંતામણી એટલે શું ?

રત્ન ચિંતામણી એક એવું અમૂલ્ય રત્ન છે, જે એક હજાર દેવોથી અધિષ્ઠિત દિવ્ય તત્ત્વોથી અધિષ્ઠિત છે, જેને હાથમાં લઇ જે ચિંતન કરવામાં આવે તે બધું જ પ્રાપ્ત થાય.

રત્ન ચિંતામણી તો તમે જે વિચારો તે આપે છે જ્યારે પરમાત્માની ભક્તિના ભાવમાં જે ડૂબી જાય છે, લીન-તલ્લીન થઇ જાય છે, તેને તો તેણે કયારેય ન વિચાર્યું હોય એવું પણ ઘણું બધું

પ્રાપ્ત થાય છે, રત્ન ચિંતામણી એ બધી વસ્તુઓ આપે છે, જે અંતે તો છૂટી જ જવાની હોય છે. એ તમને સુખના સાધનો અને સામગ્રી આપી શકે, તમને કદાચ સૂવા માટે શ્રેષ્ઠ સોનાનો પલંગ આપી શકશે પણ શું તમને ઊંઘ આપી શકશે ? ના !

કેમ કે, ઊંઘ તમારી સ્વયંની છે, એમ રત્ન ચિંતામણીથી જે પ્રાપ્ત થાય તે તો આવે અને જાય, એ જગતનું હોય, સ્વયંનું ન હોય પણ પરમાત્માની ભક્તિ કરતાં-કરતાં જે સમ્યક્દર્શનરૂપી રત્ન પ્રાપ્ત થાય છે તે સ્વયંનું હોય છે અને તે કયારેય એમની પાસેથી ન જાય.

**દુનિયા પાસેથી જે મળે છે તે અંતે છૂટી જાય છે, પણ સ્વયંમાંથી જે પ્રગટ થાય છે તે કયારેય છૂટતું નથી.**

કપ્પપાય એટલે શું ?

કપ્પપાય એટલે કલ્પવૃક્ષ !

કલ્પવૃક્ષ એટલે એવું વૃક્ષ જેની નીચે ઊભા રહી તમે જે ધારો, જે ઇચ્છો તે મેળવી શકો, પણ તે મેળવેલું પણ અંતે છૂટી જવાવાળું જ હોય છે, જ્યારે પરમાત્માની ભક્તિથી પ્રગટેલું સમ્યક્દર્શન કયારેય ન છૂટવાવાળું હોય છે.

**એટલે જ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર કલ્પવૃક્ષ કરતાં પણ મહા મૂલ્યવાન, મહાલાભદાયી અને મહાફળદાયી હોય છે.**

## પાવંતિ અવિગ્ઘેણં

### સર્વ અંતરાય નાશક

એક આત્મા જ્યારે પરમાત્માની સ્તુતિ અને ભક્તિથી ભાવિત થાય છે, ત્યારે તેને નિર્વિઘ્નપણાની પ્રાપ્તિ થાય છે.

નિર્વિઘ્નપણું એટલે શું ?

તે વ્યક્તિના જીવનમાં કોઇ વિઘ્ન આવતાં નથી અને કદાચ કર્મોના ઉદયના કારણે આવે તો વધારે ટકતાં નથી. એના વિઘ્નોનું નિવારણ થઇ જાય છે.

જે પરમાત્માની ઉત્કૃષ્ટ ભક્તિ કરે છે તેના માર્ગમાં કોઇ આફત, કોઇ તકલીફ, કોઇ વિઘ્ન, કે કોઇ અંતરાય આવતી નથી. તેને ખબર પણ ન પડે, તેમ તેના બધાં કાર્યો નિર્વિઘ્ન પૂર્ણ થવા લાગે છે, બધું automatic ગોઠવાય જાય છે.

પાવંતિ અવિગ્ઘેણ - શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર એ વિઘ્નહર્તા સ્તોત્ર છે.

વિઘ્ન એટલે શું ?

ટાંકામાં પાણી ભરેલું છે પણ નળ ખોલીએ છીએ છતાં પાણી આવતું નથી, કેમ કે વચમાં કયાંક કચરો ભરાયો છે. એવી જ રીતે તમારા luck છે, પુણ્ય છે પણ એ luckનો ભોગવટો તમે કરી શકતાં નથી, કેમ કે, માર્ગમાં અંતરાય છે. પરમાત્માની ભક્તિ એ અંતરાયને દૂર કરે છે.

આ પાંચમા આરામાં હર એક વ્યક્તિ કયાંકને કયાંક વિઘ્નોથી ઘેરાયેલી હોય છે, અંતરાયોથી ઘેરાયેલી હોય છે.

જ્યારે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના કરવામાં આવે છે ત્યારે દરેક પ્રકારની અંતરાયો તૂટવા લાગે છે અને તમારા દરેક ભાવો, દરેક સંકલ્પો સાકાર થવા લાગે છે.

જેવી પરમાત્માની ભક્તિ થાય એટલે એની દિવ્ય શક્તિ અને positive vibrationના કારણે અશુભ તત્ત્વો અને negativity automatic દૂર થઇ જાય.

## જીવા અયરામરં ઠાણં

### પ્રભાવની જીવંતતા

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર એ શું માત્ર ભૌતિક લાભનું કારણ છે ? ના !

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રએ પરમાત્માની એવી ઉત્તમકક્ષાની ભક્તિ છે, જેનાથી આપણા દોષો અને અવગુણો ધોવાય જાય છે, કર્મોની નિર્જરા થાય છે, સમક્તિની પ્રાપ્તિ થાય છે અને અંતે અજર અમર એવા મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. જ્યાં રોગ- શોક નથી, જ્યાં કોઇ જરા નથી, કોઇ તકલીફ નથી, કોઇ દુ:ખ-દર્દ નથી, એવા સ્થાનની પ્રાપ્તિ કરાવે છે.

હે પરમાત્મા! જેમ જેમ આપની ભક્તિ ઉત્કૃષ્ટ કક્ષાની થતી જાય છે તેમ તેમ મારો વિશ્વાસ દ્રઢ થતો જાય છે કે હવે હું આપની નજીક આવી રહ્યો છું હે પરમાત્મા !

જેમ-જેમ મારા અંતરમાં આપનું સ્થાન સ્થિર થાય છે, તેમ-તેમ મારું હૃદય feel કરે છે કે, હવે આપણી વચ્ચે વધારે અંતર નથી !

Check કરો, તમારી અને પરમાત્માની વચ્ચે કેટલું અંતર છે ? ઓછું કે વધારે ? વધારે કે બહુ વધારે ?

તમારી આંખો અને તમારા heart વચ્ચે કેટલું અંતર છે ? બહુ જ ઓછું ! !

જો પરમાત્મા તમારા દિલમાં છે તો તમારી અને પરમાત્માની વચ્ચે બહુ જ ઓછું અંતર છે, પણ જો એમને બહાર શોધવા ગયા તો... તો પરમાત્મા કયાં છે ? જોજનો દૂર સિદ્ધ ક્ષેત્રમાં ! લોકના અગ્રભાગમાં સિદ્ધશીલા પર ! !

તમે જેમ-જેમ પરમાત્માની નજીક જાવ છો, તેમ-તેમ પરમાત્માના અંશો તમારામાં આવતા જાય છે.



# ઈઅ સંથુઓ મહાયશ,
# ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ,
# તા દેવ ! દિંજ્જ બોહિં,
# ભવે ભવે પાસ જિણચંદ... 5

**- પરમ ગુરુદેવના ભાવો**

## ઈઅ સંથુઓ મહાયશ
### પ્રભુ મારા મહાયશસ્વી !

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર મહાયશસ્વી કહેવાય છે, કેમ કે, આ સ્તોત્રની યથાર્થ અને ઉત્કૃષ્ટ ભક્તિ કરનાર ભાગ્યવાન આત્માને મહાયશવંત એવા પાર્શ્વ પરમાત્માના સાક્ષાત્કારનો અહેસાસ થાય છે.

એક આત્મા જ્યારે પ્રભુભક્તિમાં ભાવવિભોર થાય છે, ત્યારે એની આંતરિક સંવેદના હર્ષાશ્રુ બની આંખોમાંથી વહેવા લાગે છે અને ભાવવિભોર થયેલું એ હૃદય પ્રભુના ગુણગ્રામની પ્રાર્થના કરવા લાગે છે.

હે પ્રભુ ! આપ મહા યશસ્વી છો ! આપ ગુણોના મહાસાગર છો, પ્રભુ ! આપની ભક્તિ સ્તવના કરતાં-કરતાં મારું હૃદય એ જ ઝંખના કરે છે, કે આપના જેવા આત્મ ગુણો અમારામાં પણ પ્રગટ થાય, આપના પ્રત્યેનો પ્રેમ, આપના પ્રત્યેનો અહોભાવ અને આપના પ્રત્યેની ભક્તિ અમને આપના જેવા યશવંત બનાવે, આપના જેવા ગુણવંત બનાવે... પ્રભુ ! એ જ અંતરની અહોભાવના છે !

હે પ્રભુ ! આપના પ્રત્યેનો અનહદ પ્રેમ, મને આપનાથી દૂર જતાં અટકાવે છે, આપનાથી દૂર જવાની વાત મને વેદના આપે છે.

જે ધર્મપ્રેમી હોય, જે પ્રભુપ્રેમી હોય એના હૃદયમાં જ આવી ભાવ સંવેદના હોય.

**પ્રભુ પ્રેમી કોણ હોય ?**

પ્રભુપ્રેમી એ જ હોય, જે એકવાર પ્રભુના દર્શન કરે, પ્રભુની વાણી સાંભળે અને પ્રભુના સાંનિધ્યને માણે પછી એને બીજા કોઈને મળવાનું મન ન થાય, બીજા કોઇ સાથે વાત કરવાનું મન ન થાય, બીજા કોઇની સાથે રહેવાનું મન ન થાય. એના હૃદયમાં અને એના માનસમાં માત્ર ને માત્ર પ્રભુની અનુપમ સંવેદના હોય, એના નયનમાં પ્રભુની સૌમ્ય મુખાકૃતિ હોય અને એના સ્મરણમાં પ્રભુનું નામ અને પ્રભુના વચનો ગુંજતા હોય !

આવી મન:સ્થિતિ જેમની હોય એ હોય પ્રભુપ્રેમી !

પ્રભુપ્રેમીની જીહ્વા પર સદાય એના પ્રભુની ગુણગાથા અને પ્રભુની પ્રશંસા જ હોય, એની દરેક પ્રવૃત્તિમાં પ્રભુ જેવા બનવાનો પુરુષાર્થ હોય !

## ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ
### ભક્તિથી હૃદય ભિંજાવું

હે પરમાત્મા ! આપની સ્તુતિ અને સ્તવના કરતાં-કરતાં મારું હૃદય ભક્તિથી પૂર્ણરૂપે ભરાય ગયું છે. મારા હૃદયમાં આપના પ્રત્યેનો શ્રધ્ધાભાવ દૃઢ થઇ ગયો છે. મારું હૃદય આપના પ્રેમથી એટલું ભાવિત થઇ ગયું છે કે, હવે આ હૃદયમાં આપના સિવાય અન્ય કોઇ આવી જ ન શકે, મારા હૃદયમાં હવે બીજા કોઇ માટે સ્થાન રહ્યું જ

નથી. મારું હૃદય પૂર્ણપણે આપનામય બની ગયું છે. હવે આસપાસની કોઇ પણ વ્યક્તિ, વસ્તુ કે વાતાવરણ મને અસર કરી જ નહીં શકે.

સ્તોત્ર સાધનાનો સૌથી પ્રથમ અને મોટામાં મોટો નિયમ હોય છે, જ્યારે તમે શ્રદ્ધાથી પ્રભુની ભક્તિમાં લીન તલ્લીન બનો, ત્યારે આસપાસનું કાંઇ જ તમારામાં આવી ન શકે. તમારું હૃદય પ્રભુપ્રેમના ભાવોથી એટલું ઉભરાય ગયું, ભક્તિના ભાવો હૃદયમાં એટલાં છલકતાં હોય કે બીજા કોઇ ભાવને પ્રવેશવાની જગ્યા જ ન હોય અને તમારી આસપાસનું વાતાવરણ પણ તમારા ભાવોથી ભિંજાઈ જતું હોય.

જે વ્યક્તિ ભક્તિથી ભરેલાં પૂર્ણ હૃદય વડે પરમાત્માની સ્તુતિ અને સાધના કરે છે તેને સમકિતની પ્રાપ્તિ થઈ શકે છે.

## તા દેવ ! દિજ્જ બોહિં
## પ્રભુ ! મને જોઈએ છે તારા પ્રત્યે પ્રેમ !

બોધિ એટલે શું ?

બોધિમાં સમ્યક્ બોધિ પણ આવે, જ્ઞાન બોધિ પણ આવે, દર્શન બોધિ પણ આવે અને ચારિત્ર પણ આવે !

બોધિ એટલે શું ?

બોધિ એટલે પ્રેમ,બોધિ એટલે આકર્ષણ, બોધિ એટલે આત્મિક ખેંચાણ.

તા દેવ દિજ્જ બોહિં દ્વારા કહેવા માંગે છે પ્રભુ ! મને ભવોભવ આપના પ્રત્યેનો પ્રેમ જાગે એવી કૃપા કરજો.

હે દેવ ! હે દિવ્યતત્વો ! જેવી તમને પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ છે, એવી શ્રદ્ધા અને ભક્તિ મારા હૃદયમાં પ્રગટ થાઓ ! જેવો તમને પરમાત્મા પ્રત્યે અનહદ અને અકારણ પ્રેમ છે, એવો પ્રભુપ્રેમ મારા અંતરમાં પ્રગટ થાઓ ! પ્રભુનું સ્મરણ થતાં જ આપનો આત્મા જેવો પ્રસન્ન અને પુલકિત થઈ જાય છે એવી પ્રભુ સ્મૃતિ મારા મનમંદિરમાં પ્રગટ થાઓ ! હે દેવ ! મારા પર એવી કૃપા કરજો, એવી કૃપા કરજો !

અહીંયા ભગવાન મળે એની પ્રાર્થના નથી કરી, પણ ભગવાન પ્રત્યેનો પ્રેમ જાગે એવી કૃપા કરવાની વિનંતી કરી છે. શા માટે ?

**ભગવાન જેને માત્ર મળે**
**એ ભાગ્યવાન ન હોય,**
**ભગવાનમાં જે ભળે**
**તે ભાગ્યવાન હોય**

ભાગ્યવાન મળી જાય એટલા માત્રથી આત્માની શુદ્ધિ ન થાય. ભગવાનમાં ભળી જાવ તો આત્માની શુદ્ધિ થાય અને સિદ્ધિની પ્રાપ્તિ થાય.

ભગવાનમાં ભળવા માટે ભગવાન પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિ અત્યંત જરૂરી હોય છે.

માટે જ, તા દેવ દિજ્જ બોહિં

હે દેવ ! મને ભવોભવ પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગે, શ્રદ્ધા જાગે એ જ જોઈએ છે, મને બીજું કાંઈ નથી જોઈતું, મને ભગવાન પણ નથી જોઈતાં, મને માત્ર ભગવાન પ્રત્યેનો પ્રેમ મારા હૃદયમાં સદાય જીવંત રહે એ જ જોઈએ છે. ભગવાન માટે પ્રેમ હશે તો ભગવાન automatic મળી જશે.

ચંદનબાળાને પ્રભુ મહાવીર પ્રત્યે અત્યંત પ્રેમ હતો, એટલે સ્વયં પ્રભુ મહાવીર એમના આંગણે પધાર્યા !

શબરીને શ્રીરામ પ્રત્યે અનહદ પ્રેમ અને ભક્તિ હતી, એના રોમ-રોમમાંથી શ્રીરામને આમંત્રણ આપતાં ભાવો પ્રગટતાં હતાં, શ્રીરામની પ્રતિક્ષા એની તડપ હતી, એની ઝંખના હતી, પ્રભુને પામવાની, પ્રભુના દર્શનની અંતરમાં તીવ્ર ઉત્કંઠા હતી, એના નયન શ્રીરામના દર્શનના પ્યાસા હતાં એટલે જ સ્વયં શ્રી રામ શબરીના આંગણે પધાર્યા !

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીના હૃદયમાં પણ પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે ચંદનબાળા અને શબરી જેવો ઉત્કૃષ્ટ પ્રેમ અને ભક્તિ પ્રગટ થયાં અને દિવ્યતત્વો હવે એમની સમક્ષ હાજર થયાં !

માટે જ, હંમેશાં પ્રભુ પ્રત્યે અનહદ પ્રેમ જાગે, ભક્તિ અને શ્રદ્ધા જાગે એવો પુરુષાર્થ કરવો એવી ઝંખનાને જગાડવી.

જો તમારા હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમ હશે, તો પ્રભુ સ્વયં તમારા હૃદયમાં પધારશે.

## ભવે ભવે પાસ જિણચંદ
## પ્રભુ ! તારો પ્રેમ મોક્ષ સુધી રહેજો !

હે પાર્શ્વ પરમાત્મા ! જ્યાં સુધી મને મોક્ષની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી હર એક ભવમાં, હર એક જન્મમાં મને બોધિ બીજની અર્થાત્ તારા પ્રત્યેનો પ્રેમ પ્રગટ થાય એવી કૃપા કરજો !

હે પ્રભુ ! જો મને તમારા પ્રત્યે પ્રેમ જાગશે તો હું તમારા ચરણમાં આવીશ તો હું તમારા શરણમાં આવીશ, તો હું તમારા સાંનિધ્યમાં અને તો હું તમારા સાક્ષાત્કારનો અનુભવ કરી શકીશ, તો હું તમારી દિવ્યતાનો અહેસાસ કરી શકીશ.

હે પ્રભુ ! જો મને બીજું કાંઈ નથી જોઈતું, બસ ! ભવોભવ આપની સાથે આત્મિક અનુસંધાન બની રહે, ભવોભવ વીતરાગ ધર્મ પ્રત્યે રૂચિ અને શ્રદ્ધા દઢ બને, એ જ જોઈએ છે પ્રભુ !

The Transformative Power of Guru Mantra.I was blessed to receive the Guru Mantra from Param Gurudev in 2011.

At first, I could not fully grasp its true significance, but as time passed, I gradually began to understand its profound depth.

As a Sansari, I faced many ups and downs in life. By nature, I would instantly react to situations. But after starting Mantra Sadhana, Param Gurudev's words began to echo within me:“Accept people as they are, and you will be happy. Whenever you need me, chant the Guru Mantra, and I will be there for you.”

Slowly, I began practicing this Sadhana sincerely. Chanting the divine mantra brought peace, strength, and balance even in the most difficult times.

During the Corona pandemic, when my mother-in-law was hospitalized, I had an unforgettable experience. Standing beside her stretcher, I unknowingly began chanting the Guru Mantra. In that sacred moment, my inner voice softly guided me to seek her forgiveness:

“If I have hurt you in any way through mind, speech, or body I humbly seek your forgiveness (હું મન, વચન, કાયાથી ખમાવું છું).” The very next day, she peacefully passed away.

By Gurukrupa and the strength of Mantra Sadhana, I was blessed with the opportunity to ask forgiveness at the right moment something that would have otherwise been left incomplete for a lifetime.

Mantra Sadhana, blessed by Param Gurudev, not only strengthens our divine connection with Him, but also silently guides us to make the right decisions, at the right time, in the right way.

It is not just a practice; it is a divine lifeline that transforms the soul and uplifts the spirit.

**Shri Alpadidi Madiya, Pawandham, Kandivali**

I had suffered a stroke on June 28th and in the first few seconds I lost my vision completely. After a while I got 50% of my vision back in hospital. Usually after suffering from a stroke people become paralyze and loose the function of vital parts and organs. I was scared at that moment. Doctors were doing their job but there was no major improvement in my vision.

On receiving Param Gurudev's blessings and guidance through a telephonic communication, I started chanting the Shri Uvasaggahar Stotra and meditating with faith, it felt like I was sitting in front of Param Gurudev.

I would also like to mention one thing that when I met the neurologist, he told me that the area where I had suffered a Stroke, people could have never regained the vision with all the advance technology.

When I try to recollect the memory, I eventually realize as to what happened. After talking to Param Gurudev, I had seen neon bright blinking lights for 36 hours and had felt like neon were trying to reconnect and strongly believe that it was the power of Param Gurudev's blessings & Mantra Sadhana.

With Param Gurudev's Aagna, I have changed my lifestyle completely, have given up smoking and started eating the right food at right time, Also, I have got my driving license back now and I am not dependent on anybody.

I am deeply grateful to have met Param Gurudev in this life. Once, I fulfil my responsibilities, I would come down to India and spend time in his sanidhya.

**Shri Vijaybhai Shah (USA)**

advt

The Miracle of Param Gurudev's Blessings. I wish to share a very personal and life-transforming experience, one that still echoes in my heart with deep gratitude and devotion.

Last month, I suddenly experienced severe lower abdominal pain. I had never had any history of blood pressure issues, yet that day my BP shot up to an abnormally high level. The doctor immediately put me on basic medication, but even after two days the pressure remained uncontrolled and, in fact, spiked to above 210.

Concerned, I consulted a cardiologist who carried out a 2D Echo, ECG, and a stress test. Though I had no chest pain or discomfort, the results of the stress test appeared highly abnormal. The cardiologist strongly advised me to undergo angiography at the earliest.

The reports seemed so worrying that everyone around me expected bad news regarding artery blockages. I immediately informed Param Gurudev, and with His agna, I agreed for the procedure. But. Param Gurudev's reassuring words were: "Relax! Nothing is going to happen at all. I am there to take care."

Before entering the operation theatre, I was constantly chanting the Shree Uvasaggaharam Stotra and the mantra: ''તપસ્વી ગુરુ શરણં મમ્, સકળ વિઘ્ન હરણં મમ્'' I carried a piece of Divine Savan close to my heart and kept it, along with Param Gurudev's black mala, under my pillow in the OT.

As the angiography process began, lying on the operation table, I continued to chant the Uvasaggaharam Stotra aloud with full faith. And then-by the infinite blessings of Tapasvi Gurudev and Param Gurudev a miracle unfolded.

To the doctors' utter surprise, all my arteries were found completely clear with not a single blockage! Within just seven minutes, the entire process was over. I walked out of the operation theatre perfectly fine—hale, hearty, and peaceful.
This was nothing short of a divine miracle-the boundless grace of Param Gurudev and the unfathomable power of mantras.
Since 2015, I have been walking on the path of mantra sadhana, but this incident has sealed forever in my heart the truth that where there is Guru's grace, there is nothing to fear.
Forever indebted,

**Shri Kalpeshbhai Dadia**
**Ghatkopar Parasdham**

Over the years, through my mantra sadhana, I have been blessed with countless divine experiences.

From them, I have come to realize one truth, sadhana is not just chanting; it is a sacred way of connecting to the Divine Power.

Often, the mantra does not arise from my vocal cords, but from deep within my navel resonating through my entire being. Every strand of hair feels charged with energy, and the sound within is louder than the sound outside.

At times, it feels as though I am seated within the very heart of the sun bathing in light, enveloped in energy, and showered with blessings like golden rays.

There are moments when the mantra begins to chant by itself, and I simply become a medium. During sadhana, I have felt the divine presence of someone sitting beside me calm, compassionate, and full of embrace. Many times, I have sensed two gentle hands placed upon my head, blessing me with infinite peace.

At times, I clearly perceive an invisible shield of energy around me silently protecting me. There are moments when my body sways, sings, or even dances naturally with the mantra, without any effort. In those moments, the mind falls silent, the heart expands, and a deep divine touch takes over.

Even after the mantra sadhana concludes, the chanting continues within me in complete silence. It often takes a long time to return from that state, as though the energy holds me absorbed in its embrace.

All of this, I must say, is only and only because of the infinite blessings of Param Gurudev. Whatever I am today, it is because of Him. Even this entire birth would be too small a span to express my gratitude for guiding me on this path, for blessing me with the strength to continue, and for keeping me forever anchored in His grace.
With folded hands,

**Shri Darshakbhai Rupani,**
**Ghatkopar**

advt




# શું બન્યું હતું

## 21st february, 1992ના દિવસે ?

એ ક્ષણો હતી વર્ષ 1992ની. જામનગરનો ચાંદી બજાર ઉપાશ્રય.પરમ ગુરુદેવને સંયમ જીવનનું એક વર્ષ પૂરું થયાંને હજી સાત જ દિવસ થયા હતા !

બધું બરાબર હતું ત્યાં અચાનક, 17th ફેબ્રુઆરી, સોમવારે પરમ ગુરુદેવને તાવ ચડ્યો. ઝીણો તાવ હતો એટલે બહુ ધ્યાન ન આપ્યું અને સ્વયંની સાધનામાં પ્રવૃત્ત રહ્યા ! તાવ ઉતરી જશે એ વિચારમાં ચાર દિવસ નીકળી ગયા.

21st ફેબ્રુઆરી-પાંચમો દિવસ, ચાંદી બજાર ઉપાશ્રયમાં એક વરિષ્ઠ સંત અને પરમ ગુરુદેવ, બે જ સંત ઉપાશ્રયમાં બિરાજમાન હતા. તાવને કારણે શરીરમાં કડતર અને અશક્તિ લાગવાથી પરમ ગુરુદેવ ઉપાશ્રયના એક નાનકડા અંધારા સાધના કક્ષમાં આરામ ફરમાવી રહ્યાં હતાં.

સવારનો સાત વાગ્યાનો સમય હતો, એવા સમયે પરમ ગુરુદેવને અચાનક ઉલ્ટી થવાનું શરુ થયું ! તેઓ પથારીમાંથી બેઠા થયા, હજી તો તેઓને કાંઈક સમજાય ન સમજાય એની પહેલા તો લોહીની ઉલ્ટી થવા લાગી અને આ શું ઉલ્ટીમાં આખું પાત્ર ભરીને લોહી નીકળી ગયું !

કક્ષમાં લોહી ભરેલું પાત્ર અને પરમ ગુરુદેવ લોહીથી લતપત દશામાં એકલાં હતાં !

અત્યંત વેદનામય પસાર થયેલી એ 'થોડીવાર'માં, ન કોઈ ઉદ્વેગ, ન કોઈ અશાંતિ, સમભાવપૂર્વક પરમ ગુરુદેવ નમસ્કાર મંત્રનું મનોમન સ્મરણ અને રટણ કરવા લાગ્યાં.

### શું થઈ રહ્યું હતું ?

આસપાસના શ્રાવકો આવ્યાં. તેમણે ડૉ. જયરાજ વસાને બોલાવ્યાં. ડો. જયરાજે પરમ ગુરુદેવને તપાસીને તરત જ કહી દીધું કે, આમની પાસે સમય બહુ જ થોડો છે. તમારે એમને જે કાંઈ સાધના - આરાધના કરાવવી હોય તે કરાવી લો ! આ સાંભળીને દરેકના મુખમાંથી એક હાયકારો નીકળી જાય છે.

અકલ્પિત કલ્પનાની સીમા તોડી સત્ય સમક્ષ આવીને ઊભું હતું. આસપાસનું વાતાવરણ શૂન્ય મનસ્ક થઈ જાય છે. કલ્પી જ ન હોય તેવી ઘડી આંખ સામે જીવંત અને તાદશ્ય થઈ રહી હતી ! દરેકના જીવ અદ્ધર થઈ જાય છે.

પણ આ બાજુ, પરમ ગુરુદેવને શું થઈ રહ્યું હતું ?

'થોડો જ સમય છે મારી પાસે !', એવું સાંભળવા છતાં તેઓની આંતરિક અવસ્થા કોઈ ખેદ વગર ઊર્ધ્વગમન કરવા લાગી. થોડોક જ સમય છે તો શું કામ આંતરિક અવસ્થાને દુ:ખી કરવી ? પરમાત્માના શરણને ગ્રહણ કરતાં અંતિમ ક્ષણોમાં સ્વીકારભાવે, શાંત ચિત્તે, આંખો બંધ કરીને તેઓ શ્રદ્ધાપૂર્વક મનોમન નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યાં !

મનથી પદ બોલાઈ રહ્યાં હતાં. નમો અરિહંતાણં..., નમો સિદ્ધાણં... પરંતુ હોઠેથી કોઈ અન્ય પદના શબ્દો પ્રગટ થઈ રહ્યાં હતાં ! એ સમયે પરમ ગુરુદેવને થયું, હૈયે કશુંક જુદું છે ને હોઠે કશું જુદું ઊગે છે.

ક્ષણ બે ક્ષણ માટે તો પરમ ગુરુદેવને થયું કે 'મારું ચિત્ત એકાગ્ર નથી થઈ રહ્યું એટલે મને આ કોઈ ભાસ થઈ રહ્યો છે.' પરંતુ ના જેમ - જેમ તેઓનું મન નમસ્કાર મહામંત્ર બોલી રહ્યું હતું એમ-એમ બમણા વેગથી મુખમાંથી અજાણ્યા શબ્દો એની મેળે લયબદ્ધ રૂપે પ્રગટ થઈ રહ્યાં હતાં !

આશ્ચર્યની વાત હતી ! પરમ ગુરુદેવને કાંઈ સમજાતું ન હતું ! આ હું શું બોલી રહ્યો છું ? આ મને શું થઈ રહ્યું છે ?

આંખો સામે અંધારા હોય, અંગે-અંગમાં વેદના હોય અને છતાંય આ લયબદ્ધ રીતે પ્રગટે છે એ શું ?

જ્યારે મૃત્યુ નજર સમક્ષ જ દેખાઈ રહ્યું હોય, આંખે અંધારા આવી રહ્યાં હોય, અંગ-અંગમાં વેદના થતી હોય, માત્ર થોડા જ સમયના મહેમાન છીએ એવું કાને સંભળાતું હોય ત્યારે ભલભલા ચમરબંધીઓ પણ ઢીલાઢફ થઈ જતાં હોય !

**આ તો**
**જન્મે મહાવીર હતાં અને**
**કર્મે મહાવીર બનવા સજ્જ હતાં.**

બંને નામને સાર્થક કરી રહ્યાં હતાં ! 22 વર્ષની યુવાવયે અને માત્ર એક જ વર્ષની દીક્ષા પર્યાય !

દીક્ષા પૂર્વે સહનશીલતા અને સમતાભાવના એવા ગુણ કેળવી લીધા હતા કે અપાર પીડા અને વેદનામાં પણ ન કોઈ હાયહોય કે ન કોઈ ઉદ્વેગ !

આખી જિંદગી વ્યક્તિએ ગમે એટલાં ધર્મધ્યાન અને તપ- ત્યાગ કર્યા હોય, ગમે એટલી સાધના-આરાધના કરી હોય, પરંતુ એની સાર્થકતા, એની ફળશ્રુતિ, એની કસોટી તો જ્યારે આવી કોઈ વિકટ પરિસ્થિતિ આવે ત્યારે જ થતી હોય છે.

'સમભાવ રાખવો જોઈએ' એ બોધ આપવો સરળ છે પણ સમય આવ્યે સમભાવ રાખવો બહુ જ કઠિન હોય છે.

ક્ષણ પછી ક્ષણ વીતી રહી છે !

સમય થોડો છે હમણાં જ જવાનું છે એમ વિચારીને ફરીથી મુનિવર મન એકાગ્ર કરીને નમસ્કાર મંત્રનું રટણ કરે છે અને ફરીથી મુખમાંથી એ જ અજાણ શબ્દો સરતાં જાય છે !

પરિસ્થિતિ સ્વયં વિકટ થઈને પાસે આવે તો એનું પણ નિરાકરણ લાવે તે સંત !

જ્યાં સત્ય, શુદ્ધત્વ અને શુભત્વ એકાકાર થઈને જીવતા હોય ત્યાં આવું ન થાય તો જ નવાઈ !

'થોડો જ સમય છે' એ વાતને ખૂબ જ શાંતિથી સ્વીકારીને પરમ ગુરુદેવ જ્યાં નમસ્કાર મહામંત્રનું મનોમન રટણ કરતાં જાય છે ત્યાં મુખમાંથી અજાણ્યા શબ્દો લયબદ્ધ સ્વરે બહાર પ્રગટ થતાં જાય છે ! ચેતન અને અચેતન ક્ષણ જ્યારે જાગૃત સાધકને મળે છે ત્યારે સર્જાતું દૈવી તત્ત્વ, એટલે વાસ્તવિકતા અને કલ્પના વચ્ચેની ક્ષિતિજ.

હા, એ વાસ્તવિકતા હતી, એ કોઈ કલ્પના ન હતી ! ભૂતકાળની કોઈ તૂટેલી કડી પરમ ગુરુદેવના આત્મા સાથે જોડાઈ રહી હતી, કોઈ તૂટેલાં અનુસંધાનનું જોડાણ થઈ રહ્યું હતું, કોઈ અધૂરી રહી ગયેલી સાધનાને પૂર્ણ કરવા માટેના પ્રારંભની પ્રક્રિયા થઈ રહી હતી, વિખૂટાં પડી ગયેલાનું ફરીથી મિલન થઈ રહ્યું હતું ! વર્ષોના દિવ્ય સંકેત આપનાર સાથે પરમ ગુરુદેવના આત્માનું અનુસંધાન થઈ રહ્યું હતું !

ભૂતકાળનું વર્તમાન સાથે અને વર્તમાનનું ભવિષ્ય સાથે અનુસંધાન થઈ રહ્યું હતું.

પીડા પ્રાણવાન બની રહી હતી !

બહાર દોડાદોડ અને ભીતર શાંતિ ! પરમ ગુરુદેવની નાજુક તબિયત વિશે સમાચાર જાણીને આજુબાજુ ઉભેલાં doctors, સંઘના ભાઈઓ તથા અન્ય ભાવિકો ચિંતિત હતાં. આગળ શું થશે એ વિચારે પ્રભુને પ્રાર્થના કરતાં પરિણામની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. યુવા સંત સાથે મંગળ થાય એવી ભાવના ભાવી રહ્યાં હતાં.

## અમૂલ્ય પ્રાપ્તિની ઘડી:

એક તરફ ડોક્ટરે આપેલો સમય વીતતો હતો, બીજી તરફ આસપાસમાં ઉભેલા સહુના મુખ પર આશ્ચર્ય હતું. પરમ ગુરુદેવના મૃતઃ પાય બની ગયેલાં શરીરમાં ધીમે-ધીમે શક્તિનો સંચાર થઈ રહ્યો હતો ! તેઓના મુખમાંથી નીકળી રહેલાં અજાણ્યા દિવ્ય શબ્દો હવે પૂર્ણપણે લયબદ્ધ અને સ્પષ્ટરૂપે પ્રગટ થઈ રહ્યાં હતાં. જેમ- જેમ એનું પ્રાગટ્ય થઈ રહ્યું હતું એમ- એમ તેઓના શરીરમાં ચેતના શક્તિનો સંચાર થઈ રહ્યો હતો.

અશક્તિ શક્તિમાં અને શક્તિ ભક્તિમાં ઓતપ્રોત થઈ રહી હતી. જાણે કે કોઈ કરિશ્મા સર્જાતો હોય એમ કરુણાંતિકાની ક્ષણ પસાર થાય છે.

ધીરે-ધીરે પરમ ગુરુદેવને અંદરમાં અનુભૂતિ થવા લાગી કે મૃત્યુની ઘડી ટળી ગઈ છે ! Doctorએ આપેલાં સમય કરતાં વધારે સમય નીકળી ગયો હતો અને પરમ ગુરુદેવના શરીરમાં થોડીઘણી શક્તિ જણાતાં આસપાસના શ્રાવકો તેઓને જામનગરની Irvin Hospitalમાં લઈ ગયાં. Irvin Hospitalના ડૉ. પ્રકાશ ઝા પરમ ગુરુદેવની પરિસ્થિતિને તરત જ સમજી જાય છે કે શરીરમાંથી 80% લોહી નીકળી ગયું હતું !

આવી પરિસ્થિતિમાં doctor પાસે પ્રાર્થના સિવાય શું બચે ? Doctor કઈ આશા રાખે ?

ઉપાશ્રયથી hospital પહોંચતા સુધીમાં પણ પરમ ગુરુદેવના મુખેથી સતત એ શબ્દોના જાપ ચાલુ જ હતાં. આફત ટળી ગઈ હતી અને

ધબકારા સહજ રીતે ધબકી રહ્યાં હતાં. દરેકના મુખ પર આશ્ચર્ય સાથે કોઈ ચમત્કાર સર્જાયાના ભાવ દેખાઈ રહ્યાં.

એક તરફ hospitalનું વાતાવરણ અને બીજી તરફ અજ્ઞાત શબ્દનું લયબદ્ધ પરમ ગુરુદેવના મુખેથી અવતરણ.

સાધના સિદ્ધિ દ્વારા જીવ જગતને શું એવું ચિરંજીવ અર્પવામાં નિમિત્ત બનવાનો છે એની જાણ નિયતિને હતી અને પરમ ગુરુદેવને થઈ રહી હતી. હૈયામાં અજ્ઞાત પ્રગટેલા એ શબ્દોની હૂંફ જાદુઈ હતી.

બહાર hospitalમાં treatment ચાલુ અને શબ્દનું મંત્ર બનવાનું પ્રાગટ્યપણું ! શરીર અશક્ત અને તોયે મુખ પર મંત્રનો દિવ્ય પ્રકાશ ! દેહની અશક્તિ આત્માની શક્તિને સ્પર્શી ન શકી.

સંજીવની બનેલા એ દિવ્ય શબ્દો એટલે... મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર.

આશ્ચર્યની વાત તો એ હતી કે જૈન સમાજમાં ખૂબ જ પ્રચલિત એવો આ સ્તોત્ર, પરમ ગુરુદેવ એ પોતાના 22 વર્ષના જીવનકાળ દરમિયાન ન કદી વાંચ્યો હતો, ન કદી સાંભળ્યો હતો ! છતાં પણ તેઓના મુખેથી મહા સંકટના સમયે એ સ્તોત્ર બોલાયું કઈ રીતે અને એ પણ લયબદ્ધ પદ્ધતિથી ? એવું શું હતું કે આ સ્તોત્ર તેઓના મુખેથી આવી ચડ્યું ? કઈ એવી ખૂટતી કડીનું અનુસંધાન આ સ્તોત્ર દ્વારા મૂળ સ્તોત્ર તરફ આગળ ધપે છે ?

આ હતું તૂટેલી કડીનું જોડાણ, આ હતું વિખુટા પડેલાનું મિલન અને અધૂરી સાધના સાથેનું અનુસંધાન !

આજ દર્શાવે છે કે પરમ ગુરુદેવનો આત્મા પૂર્વનો કોઈ સાધક આત્મા છે ! પૂર્વમાં ખૂબ કરેલી ધર્મ આરાધના અને પ્રભુ પાર્શ્વનાથની ઉત્કૃષ્ટ ભક્તિરૂપ આ સ્તોત્રની સાધના જ તેઓને અણીના સમયે બચાવવા આવી ગઈ ! આ સ્તોત્ર અંતરમાંથી સ્વયં સ્ફુરિત થયો, એનું પ્રાગટ્ય થયું અને ત્યારે સમજાઈ ગયું કે આ બધા સંકેતો મળવાનું કારણ શું હતું ?

પૂર્વના ભવોમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સાથેના જોડાણને કારણે તેઓનો આત્મા સાથે એક દૈવી અનુસંધાન રચાઈ ગયું હતું.

માટે જ તો કહેવાય છે,

'धर्म रक्षति रक्षित्!'

**જે ધર્મનું રક્ષણ કરે છે,**
**ધર્મ એમની રક્ષા કરે છે !**

જીવલેણ ઘાત ટળી ગઈ.

## શું બન્યું હતું તે દિવસે ?

એક અશક્ય અને અકલ્પનીય ઘટના ! એક સામાન્ય આત્માની અસાધારણ પ્રતિભાનું પ્રાગટ્ય !

હવે તમે વિચાર કરો, આખી ઘટના પાછળ શું secrets છે ?

સ્વયં પ્રગટ થયેલો મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો લયબદ્ધ દિવ્ય ધ્વનિ સૂચવે છે કે, પરમ ગુરુદેવ ભવોભવથી શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના અનન્ય આરાધક અને પરમ ઉપાસક છે. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રને એમણે ઉત્કૃષ્ટ સાધના દ્વારા આત્મસાત કર્યો છે. પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે તેમને અનન્ય પ્રેમ, ભાવ, શ્રદ્ધા અને ભક્તિ રહેલાં છે, પરમાત્મા પાર્શ્વનાથ સાથે એમનું જબરજસ્ત ઋણાનુબંધ રહેલું છે, ક્યારેય ન વાંચેલો અને ન સાંભળેલો સ્તોત્ર સ્વયં પ્રગટ થઈ, સ્વયં સ્ફુરિત થઈ નવી ચેતના, નવી ઉર્જા સાથે નવું જીવન આપે છે. એમના આત્માર્થ અને પરમાર્થના લક્ષ્યને સિદ્ધ કરવાની અણમોલ તક આપે છે.

તે દિવસે બનેલી આ ઘટના પરમાત્મા પાર્શ્વનાથની પ્રભાવકતાની સાક્ષી છે.

તે દિવસથી મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પરમ ગુરુદેવનો શ્વાસ બની ગયો છે. પ્રભુપ્રેમ સાથે સ્તોત્રનું સતત સ્મરણ, અજપા જાપ અને કઠિનમાં કઠિન અને ઉત્કૃષ્ટ સાધના કરી પરમ ગુરુદેવે અનુપમ સિદ્ધિને પ્રાપ્ત કરી છે.

એમની આ સિદ્ધિ દેશ-પરદેશના હજારો લાખો શ્રદ્ધાવંત ભાવિકો માટે મહા ઉપકારક અને આત્મ કલ્યાણકારી બની છે. એમની આ સિદ્ધિએ અનેક-અનેક જૈન-જૈનેત્તરના હૃદયમાં પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ જગાડ્યાં છે.

પરમ ગુરુદેવના જીવનની આ સત્ય ઘટના જ સ્વયં સાબિત કરે છે કે, આ પાંચમાં આરામ પણ પરમાત્મા પાર્શ્વનાથ 'પ્રગટ પ્રભાવક છે' અને એમની આ સ્તુતિ શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર 'મહાપ્રભાવક' છે. પરમાત્માની પ્રભાવકતાએ જ તો આપણને મળ્યાં પરમાત્માના અનન્ય ઉપાસક... આપણા ગુરુ ભગવંત !

**સંજીવની બનેલા**
**એ દિવ્ય શબ્દો એટલે...**
**મહાપ્રભાવક**
**શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર**

On January 31, 2003, I had a severe and sudden attack of Myasthenia Gravis and was admitted to the ICU at H. N. Hospital in Mumbai. Myasthenia Gravis is a rarely occurring disease in which the affected muscles stop working.

First my throat and tongue muscles stopped working... tongue was curled up, I could not speak, eat or drink. Could not even swallow my spit. Then in the next 10–12 hours, eyes, neck, back, lungs, kidney, legs and all my muscles stopped working. My eyes would not close, I slept with open eyes, was put on a ventilator and had many tubes connecting to various life support mechanisms. The best neurologist of Mumbai were treating me, 'Father of Myasthenia Gravis' in London was contacted for treatment, but for 1 month my health only deteriorated day by day. Blood dialysis was carried out 6 times but no effect.On March 6, Param Gurudev visited the hospital and showered his blessings on me. And from that day, my health started showing signs of improvement. Param Gurudev then sent a 'mala' with my mother and asked me to recite Shri Uvasaggahar Stotra 9 times. I did not know the stotra and could not count the mala. So, Param Gurudev sent a cassette in which he had recited the Uvasaggahar Stotra. I used to listen to it 9 times in the day. Every day I was being poked several times but didn't feel much pain. The doctors were also worried that I would get bed sores by sleeping in the single bed but no sore happened to their surprise. I had to suffer because of my karmas, but as I was listening to Shri Uvasaggahar Stotra and with Param Gurudev's blessings, my pain was reduced and there were no other complications.

I had to then undergo a surgery 'thymectomy' in which the chest is opened as in a bypass surgery and the thymus gland is removed. The surgery would last 7–8 hours. All family members and even the doctors were tensed for the surgery. The prabhaav of Shri Uvasaggahar Stotra and Param Gurudev's blessings was seen here. The surgery was successfully completed in four and a half hours, almost half its normal time. The doctors too, were surprised.All this time, I regularly kept listening to Shri Uvasaggahar Stotra. My health again became steady, there was very slow or no improvement at all. Doctors estimated that it may take a year for all the muscles to become functional. Wait and watch. However, by listening to Shri Uvasaggahar Stotra regularly, with Parshvanath Bhagwan and Param Gurudev's blessings, after four and a half months I recovered. I could talk, eat, drink and walk.I have come back from jaw of death. If just by listening to Shri Uvasaggahar Stotra, I can recover then, if we recite, Shri Uvasaggahar Stotra with devotions, we will be drenched with Param Gurudev's blessings.

**Shri Nanditaben Sheth**

એક દિવસ અમારો દીકરો schoolથી return ન આવ્યો. સમય વીતી રહ્યો હતો અને અમે સૌ ચિંતાથી વ્યાકુળ બની ગયા. ચારેબાજુ તપાસ કરી, પણ ક્યાંયથી કોઈ ખબર મળી નહીં.

અંતે અમે પોલીસમાં report લખાવ્યો. પોલીસે અમારા ઘરના phoneને observation પર મૂકી દીધો.

તે સમયે પરમ ગુરુદેવ વડોદરાના અલકાપુરીમાં બિરાજમાન હતાં. અમે તરત જ તેમની પાસે ગયા અને સમગ્ર પરિસ્થિતિ જણાવી. પરમગુરુદેવએ નિશ્ચિત સ્વરે કહ્યું, તમે સમૂહમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપ શરૂ કરો. અમે વિશ્વાસપૂર્વક જાપ શરૂ કર્યા.થોડી જ વારમાં અમારા ઘરે phone આવ્યો. અપહરણકર્તાઓ એ મોટી રકમની માંગણી કરી. Police stationમાં phoneની વાતચીત પણ record થઈ રહી હતી. પોલીસ પણ સાવધાન બની ગઈ અને તરત જ location પ્રમાણે ત્યાં પહોંચી, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના પ્રભાવથી અમારો દીકરો હેમખેમ ઘરે પાછો આવી ગયો. **જ્યાં ભય છવાયો હતો, ત્યાં પ્રભુ પાર્શ્વની ભક્તિએ આશાનો દીપક પ્રગટાવ્યો.** જ્યાં અપરાધીઓના હાથ મજબૂત લાગતા હતા, ત્યાં સ્તોત્રની શક્તિ ઢાલ બની. આજે પણ એ ક્ષણ યાદ કરીએ તો હૃદય શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સ્તોત્ર પ્રત્યે અનંત કૃતજ્ઞતાથી ભરાય જાય છે.

**શ્રી ટોળીયા પરિવાર, વડોદરા**

advt

# Even Science Says...

**Jai Paul Dudeja (2017):**Mantras can be converted into electromagnetic wave radiations and applied to the human body. Since human skin is porous, these radiations are easily absorbed. They create a natural shield against harmful electromagnetic radiation (EMF) and promote healing at the cellular level. Under the supervision of medical practitioners (allopathy, homeopathy, ayurveda), this method can be used to support treatment of arthritis, headache, and migraine.

**Dr. David S. Black (2011)** showed that Mantra breaks negative thoughts and brings the mind onto a positive track. Research found that regular chanting reduces stress and anger while increasing hope. In a study on HIV-positive adults, those practicing Mantra meditation developed higher positive reappraisal coping and showed reduced anger.

According to **Dr. Masaru Emoto's** research, scientific studies suggest that sound vibrations can alter and stabilize the molecular structure of water. During Mantra Sadhana, the powerful sound waves imprint positive energy onto water, which makes up over 70% of the human body. Consuming such 'mantrified' water can improve cellular communication, boost immunity, reduce stress, balance emotions, and support natural healing. **Different observations found on water molecular structure.**




**Dr. Robert Keith Wallace (University of California**) found that during Transcendental Meditation, oxygen use, heart rate, and breathing slow down, skin resistance rises, and brainwave patterns shift indicating a unique fourth state of consciousness, distinct from waking, dreaming, and sleep. Clinical studies, including those at Bombay Hospital, show regular mantra meditation can reduce blood pressure, cholesterol, blood sugar, making it effective in preventing cardiovascular diseases.

**A 2014 study in the Journal of Clinical Psychology** found that Mantram Repetition Therapy lowered cortisol levels in veterans, reducing stress and improving emotional balance. Lower cortisol frees up the brain's prefrontal cortex - the center of judgment, foresight, and intuition. In effect, mantra practice doesn't create intuition, it removes stress barriers so instincts become clearer and sharper.

During the pandemic, fear gripped the world - yet Mantra Sadhana quietly offered emotional balance, immunity boost, and collective peace. Virtual group chanting created waves of positive energy, spreading hope and harmony far beyond physical boundaries

**EEG research reveals** increased alpha and theta waves during mantra chanting - states linked to heightened intuition, creativity, and subconscious awareness. In this state, the mind becomes more receptive to subtle signals from the environment, almost like an inner radar. That's why many practitioners report getting a “gut feeling” or instinctive warning before a mishap.

advt

# કેવી છે તમારી ભક્તિ ?

**મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સંક્ષિપ્ત અને સૂક્ષ્મ સમજ પ્રાપ્ત કર્યા પછી...**

**હવે તમે તમારા અંતર આત્માને પૂછો, કેવી છે તમારી ભક્તિ ? તમારી જાતને check કરો, કેવી છે તમારી ભક્તિ ?**

શું તમને **પરમાત્મા પાર્શ્વનાથ** પ્રત્યે
**ચંદનબાળા** અને **શબરી** જેવો
**નિ:સ્વાર્થ, અકારણ, અનહદ** અને
**અહોભાવથી સમદ્ધ પ્રેમ** છે ?

શું તમારા
**હૃદયમાં**
**પરમાત્માને પામવાની**
**તરસ** છે ?

શું તમારા
**આત્મામાં**
**પરમાત્મા બનવાની**
**તડપ** છે ?

શું તમારા **અંતરમાં**
**પ્રભુ ભક્તિની**
**તીવ્ર ઉત્કંઠા** છે ?

શું તમારા
**શબ્દોનો ધ્વનિ**
**આત્માને સ્પંદિત**
કરે છે ?

શું તમારા
**નયનોમાં પ્રભુદર્શનની**
**પ્યાસ** છે ?

શું તમારા
**એક-એક ઉચ્ચારણમાં**
**સંવેદનાના**
**પરમાણુઓ** છે ?

શું તમારા
**મંત્રોચ્ચારમાં**
**પ્રભુને આહ્વાન**
**આપતી આજીજી** છે ?

શું તમારા
**નાદમાં બ્રહ્મતાની**
**દિવ્યતા** છે ?



શું તમારા
**દિલમાં પ્રભુ જેવા**
**બનવાની ઉત્કૃષ્ટ**
**ઝંખના** છે ?

શું તમારા
**મનમંદિરમાં પ્રભુની**
**સ્મૃતિ** છે ?

**જો હા તો તમારી પ્રભુભક્તિ,**
**તમારી શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ છે.**
**પ્રભુ પાર્શ્વનાથ તમારી સમીપ નહીં,**
**તમારા હૃદય સિંહાસન પર બિરાજમાન છે.**

શું તમારા
**તા.. દેવ ! ના નાદમાં**
**પ્રભુ પ્રત્યેનો**
**તલસાટ** છે ?

શું તમારા
**પ્રેમમાં નિ:સ્વાર્થતા**
**અને સરળતા** છે ?

શું તમારી
**સ્તવનામાં પ્રભુને**
**આમંત્રણ આપતી**
**અરજી** છે ?

શું તમારા
**ભાવોમાં ભક્તિનું**
**સુમધુર**
**માધુર્ય** છે ?

શું તમારી
**શ્રધ્ધામાં અવિહડતાનો**
**અહેસાસ** છે ?

શું તમારા
**વિશ્વાસમાં અતૂટતાની**
**અભિવ્યક્તિ** છે ?

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-9-2025

ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA




રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી
અર્હમ યુવા સેવા ગ્રુપ સંચાલિત, અર્હમ અનુકંપા અભિયાન અંતર્ગત ભારતના વિવિધ ક્ષેત્રોમાં

**છેલ્લા 3 વર્ષમાં 24 + અર્હમ Animal Ambulances દ્વારા 1 લાખથી વધુ**
**બિમાર અને ઘાયલ પશુઓને EMERGENCY TREATMENT**

આ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ અવસરે

## NEW 26 EECO AMBULANCESની ઉદ્ઘોષણા







## HELPLINE NUMBERS

**ALWAYS CARE CLINIC:**

- GHATKOPAR 7463036303
- PAWANDHAM-KANDIVALI 7304983822
- RAJKOT 7567075680

**ARHAM ANIMAL AMBULANCE:**

- PUNE 1 (PMC) 8989030390
- PUNE 2 (PCMC) 8989030317
- AHMEDABAD 6262090915
- MUMBAI - NASIK HIGHWAY, PARAMDHAM 8989090967
- SURAT 1 (VESU) 8689890505
- SURAT 2 (VARACHHA) 8989050581
- JUNAGADH 9913910108
- JAMNAGAR 8238113555
- HYDERABAD 6262090970
- CHENNAI 9566508046
- MUMBAI - PAWANDHAM, KANDIVALI 9619619721

**Office: +91 9152995399 / 9152995699 • Visit Now: www.arham.org**

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.